મજલિસ ૧ લી

સલ્લલ્લાહો અલયક યા મૌલા, યા અબા અબ્દીલ્લાહ,
સલ્લલ્લાહો અલયક યબ્ન રસુલીલ્લાહ ,
વ અલલ મુસ્તશ - હે દીના મઅક,
યા લય- ત ની, કુન્તો માઅકુમ , ફ અફુઝો ફવઝન અઝીમા.
(સલવાત)

بِسْمِ اللّهِ الرَّحْمَنِ الرَّحِيمِ
قَالَتِ الْأَعْرَابُ آمَنَّا قُل لَّمْ تُؤْمِنُوا وَلَكِن قُولُوا أَسْلَمْنَا
وَلَمَّا يَدْخُلِ الْإِيمَانُ فِي قُلُوبِكُمْ

મારા મોહતરમ માવિન્નો! અલ્લાહની પવિત્ર કિતાબ, કુરઆને શરીફમાં એકસો ચઉદ સુરાઓ છે અને દરેક સુરાનું એક અલગ-અલગ નામ છે. જેમકે સઉ પ્રથમ સુરાનું નામ **અલ ફાતીહા** છે જેનો અર્થ થાય છે : શરૂઆત અથવા « OUVERTURE »; એજ પ્રમાણે બીજો સુરો છે **અલ બકરાહ** , યાને ગાય અથવા « LA VACHE ». જે મુબારક આયતની આપની સામે હમણા તિલાવત થઇ, તે સુરએ હુજુરાતની ચઉદ નંબરની આયત હતી. **અલ હુજુરાત,** કુરઆનનો ઓગણ પચ્ચાસ નંબરનો સુરો છે અને તેનો અર્થ થાય છે કોટડીઓ-રૂમ અથવા « LES CHAMBRES ». તે શબ્દ તેજ સુરાની ચોથી આયતમાંથી લેવામાં આવ્યો છે, જે આ સુરાનું સરનામું થયું, અને યાદ રહે કે હ૦ પયગમ્બરે ઇસલામ સ૦ની દરેક બીબી “ ઉમ્મુલ મોઅમેનીન “ નું , રહેવા માટે, એક જુદુ-જુદુ રૂમ હતું.

અલ્લાહ સુબહાનહુ વ તઆલા, કુરઆને મજીદમાં, મજકુર આયત કે જે આપની સામે, મજલિસની શરૂઆતમાં પડીને, મેં ઇઝઝત હાંસીલ કરી છે, તેમાં ફરમાવે છે કે: *« અરબો કહે છે કે : અમે ઈમાન લાવ્યા છીએ; (અય રસુલ! તેમને જવાબમાં) તું કહી આપ કે : તમે ઈમાન નથી લાવ્યા ; બલકે તમે એમ કહો કે : અમે ઈસલામ લાવ્યા છીએ ; કારણકે ઈમાન તો હજીંણ તમારા દિલની અંદર સુધી પહોંચ્યું નથી. »*

મારા મોહતરમ સાંભળનારાઓ ! બની અસદ કબીલાના લોકો, એક દિવસ, હ૦ રસુલે ખુદા સ૦ પાસે આવ્યા, કારણકે તેમની ત્યાં ગરીબી વધારે હતી, ખાવાનું કાંઇ હતું નહીં; તો આશા રાખતા હતા કે ઝકાતના પૈસામાંથી કાંઇ મળે અથવા એવી બીજી કાંઇ મદદ નસીબ થાય. તે લોકોએ જાહેર કર્યું કેઃ યા નબીયલ્લાહ ! અમે તમારાપર ઇમાન લાવ્યા છીએ, અમે મોઅમીન-ઇમાનદાર લોકો છીએ.

હ૦ રસુલે અકરમ સ૦ મે, તે લોકોને, અલ્લાહનો આ પયગામ પહોંચાડયો અને મજકુર આયત સંભળાવીને, જવાબમાં ફરમાવ્યું કે : અય લોકો! તમે એમ કહો કે : અમે ઇસલામ લાવ્યા છીએ ; એમ ન કહો કે : અમે ઇમાન લાવ્યા છીએ, કારણકે ઇમાન તમારા દિલની અંદરમાં હજીંણ સુધી પહોંચ્યું નથી, ઇમાન તમારી ઝબાનથી દિલ સુધી ઉતર્યું નથી.

હવે, મારા અઝીઝો! આપણે અલ્લાહના નબીને પુછીએ કેઃ ઇમાન શું છે ? ઇમાન અને ઇસલામમાં શું ફેર છે ? તો પયગમ્બર સ૦ જરૂર આપણને જવાબમાં એમ કહેશે કેઃ

„ અલ ઇમાનો માઅરેફતુન બીલ કલ્બ, વ ઇકરારૂન બીલ લીસાન, વ અમલુન બીલ અરકાન.“ યાને કે : *પોતાના દિલથી સમજવું અને પોતાની જીભથી કબુલ કરવું અને પોતાના શરીરના ભાગથી અમલ કરવું , તેને ઇમાન કહેવાય છે.*

તો હવે ઇસલામ કઇ ચીજનું નામ છે ? બીજી એક હદીસમાં આપણને તેનો જવાબ મળી જાય છે કે ઇસલામ અને ઇમાનમાં, ઝમીન-આસમાનનો ફર્ક છે :

આપણા પહેલા ઇમામ, આકા અને મૌલા, હ૦ અલી ઇબ્ને અબી તાલીબ અ૦ કહે છે કેઃ મને હ૦ રસુલે ખદા સ૦મે, એક દિવસ, ફરમાવ્યું કેઃ અય અલી! તમે લખો!

મેં પુછયું કે : યા રસુલુલ્લાહ સ૦ ! શું લખું ?

અલ્લાહના નબીએ મને જવાબમાં ફરમાવ્યું કે : **બીસમીલ્લાહીર રહમાનીર રહીમ** લખો. પછી કહયું કે : ઇમાન દિલમાં ઘર કરીને વસે છે અને તેની સાથે અમલ પણ હોય છે. પરંતુ , ઇસલામ ફકત જીભ સુધીજ હોય છે. ઇસલામ ફકત શાદીને હલાલ કરવા માટેજ પુરતું છે, એનાથી વધારે કાંઇ નથી. (સલવાત).

મેં હમણા આપણા મૌલાને યાદ કર્યા, તો ચાહું છું કે તેમનેજ પુછી લઉં કે : યા અમીરૂલ મોઅમેનીન અ૦ ! તમારી નજરમાં ઇમાન શું છે ? તો મને ખાત્રી છે કે : અગર મુત્તકીયોના ઇમામ, આ જવાબ આપે, તો તેમાં કાંઇ અજબ થવાનું નથી :
ઇમાન એટલે પોતાના માથાને અલ્લાહના હુકમ સામે જુકાવી દેવાનું નામ છે.

માઅસુમીન અ૦મુ૦ નો કોલ છે કેઃ ઘઉંને તમે લ્યો અને તેને પુરી રીતે સાફ કરો; તેમાં નાના-નાના પથ્થર, કચરો, જે કાંઇ હોય તેને કાઢી નાખો. પછી તેનો જીણો લોટ બનાવો કે તેમાંથી તમને સુગંધ આવશે. તે બાદ, તેનું ખાવાનું તૈયાર કરો, રોટલી પકાવો, કે જે ખાવાથી તમને બહુજ મજા આવશે. બીલકુલ એજ પ્રમાણે ઇમાનની હાલત છે : તમારા ઇમાનને તમે ચોખું કરો; જેટલી ખરાબીઓ તમારી અંદર હોય તેને તમે કાઢી નાખો, ગુનાહોથી અને બુરા કામથી દુર રહો; તમારૂં ઇમાન સંપૂર્ણ બનશે, તમે તેની મીઠાશ ચાખશો, તે તમને અહીં તેમજ આખેરતમાં ફાયદો પહોંચાડશે.

ઇમાનને લગતાં, મારા અઝીઝો, માઅસુમીન અ૦મુ૦ના સેંકડો કલામ છે. તમારી પાસે એટલો ટાઇમ નથી અને મારી પાસે એટલી તાકત નથી કે તે બધી હદીસો અહીં બયાન થઇ શકે. તે છતાં, આ મૌકાને ગનીમત સમજી, આપની સમક્ષ એક-બે હદીસો અરજ કરવાની રજા લઉં છું. ઇમામની ઝબાન મુબારકના બોલને દુરૂદના નાઅરાથી વધાવી લેશો.(સલવાત).

હઝરત ફરમાવે છે કે : સઉથી અફઝલ-બેહતર ઇમાન તે છે કે જયારે તમે કોઇ સાથે મોહબ્બત કરો તો ફકત ખુદા માટે કરો (તેમાં તમારી કોઇ ગરજ છુપાએલી ના હોય, તેમાં તમારૂં પોતાનું કોઇ " **INTERET** " ના હોય) અને જયારે તમે કોઇ સાથે દુશમની કરો તો તે પણ ફકત અલ્લાહ માટેજ હોય (તેમાં તમારી કોઇ જાતી દુશમની, તમારો પોતાનો કોઇ કજીયો કે વેર ના હોય!) તમારી જીભને તમે અલ્લાહના ઝીક્ર, અલ્લાહની તસ્બીહ માટે વાપરો; જે તમે તમારા માટે પસંદ કરા છો, એજ બીજાઓ માટે પસંદ કરો; જે તમે તમારા માટે પસંદ કરતા નથી તે બીજાઓ માટે પણ પસંદ કરો નહીં; હમેશાં સારી વાત કરો; અને અગર એવું ના બની શકે તો તમે ચુપ રહો.

બસ, એક હદીસ અને આપની તકલીફ તમામ! આપણા છઠ્ઠા ઇમામ, હ૦ જાઅફરે સાદીક અ૦ ફરમાવે છે કેઃ ખુદાવંદે કરીમ આદીલ-ઇન્સાફી " **JUSTE** " છે. તેણે પોતાના બંદાઓને કુફ્ર તરફ નહીં, પણ ઇસલામ તરફ ઇમાન લાવવા માટે આમંત્રણ આપ્યું છે.

તેથી, જે માણસ ખુદા ઉપર ઇમાન લાવશે અને ખુદાની નજરમાં તેનું ઇમાન મજબુત અને સંપૂર્ણ હશે તો અલ્લાહ કદી તે માણસના ઇમાનને કુફ્રની તરફ ફેરવશે નહીં, યાને તેની મોત જરૂર ઇસલામ ઉપર થશે, મોઅમીન રહીને મરશે.

અઝાદારાને મઝલુમે કરબલા! કદાચ તેજ કારણ હોય કે હ૦ ઇ૦ હુસયન અ૦મે, પોતાના સાચા સાથીઓ માટે, એમ ફરમાવ્યું હતું, તો તેમાં કાંઇ અજબ થવાનું નથી કેઃ

મને એવા સહાબીઓ મળ્યા છે કે તેવા ઇમાનદાર અને વફાદાર સાથીઓ કોઇને મળ્યા નથી ! તેમાંથી એક જનાબે હબીબ ઇબ્ને મઝાહીરે અસદી હતા.

અઝાદારો ! જયારે જ૦ ઝયનબ અ૦ ને અમાચાર મળ્યા કે હબીબ નામના એક માણસ, તેમના ભાઇ હુસયન અ૦ ની મદદ માટે, કુફફાથી દોડીને આવ્યા છે, તો જ૦ ઝયનબ અ૦મે, જ૦ ફીઝાને ફરમાવ્યું કેઃ તમે તપાસ કરો કે કોણ હબીબ આવ્યા છે? જ૦ ફીઝાએ જવાબ આપ્યો કેઃ શાહઝાદી! તમારા ભાઇ હુસયનના નાનપણના દોસ્ત હબીબ આવ્યા છે. જ૦ ઝયનબે કહ્યું કેઃ અય અમ્માં ફીઝા, જાઓ અને હબીબને મારા સલામ પહોંચાડો અને મારા તરફથી, તેમનો શુકરીયાહ અદા કરો.

જ૦ હબીબ ઇબ્ને મઝાહીર, આ સાંભળીને બેચયન થઇ ગયા કે : અલ્લાહો અકબર! આ ગુલામનો શું મરતબો છે કે આજે, જ૦ ફાતેમા, માઅસુમએ કવનયનન અ૦ ની દીકરીઓ, મને સલામ કહેવળાવે છે !

હું અરજ કરીશ કે : અય ઇમામ હુસયન અ૦ના નાનપણ ના દોસ્ત, હબીબ ! આજે તો જ૦ ઝયનબ અ૦મે તમને ફકત સલામ મોકલાવ્યા, તો તમે ગભરાઇ ગયા, પણ આ તેજ શાહઝાદી ઝયનબ, રસુલની નવાસી છે કે જે બાઝારે કુફા અને શામની ગલીઓમાં, માથે ઉગાળે, ચાદર વગરના, ફેરાવવામાં આવી રહયા છે અને ઝાલીમો ઇશારાથી લોકોને બતાવી રહયા છે : હાઝા ઝયનબો! હાઝા ઉમ્મે કુલસુમ !

એક ઝમાનો એવો હતો કે જયારે હ૦ અમીરૂલ મોઅમેનીન અ૦ કુફા શહેરમાં ખલીફા હતા, તે વખતે જ૦ ઝયનબો-ઉમ્મેકુલસુમ શાહઝાદી તરીકે ઓળખાતા હતા. અને જયારે કુફાની ઓરતો જ૦ ઝયનબો-ઉમ્મે કુલસુમની ઝીયારત માટે આવતી ત્યારે પોતાના બન્ને હાથોથી તેમનાપર હીરા-જવાહેરાતની ભેટ અર્પણ કરતી હતી. તમે ઝમાનાનો ઇનકેલાબ જુઓ કે આ તેજ કુફા છે અને આ તેજ ઝયનબો-ઉમ્મે કુલસુમ, જ૦ ફાતેમા ઝહેરા અ૦ની બેટીઓ અને હ૦ અલીએ મુરતઝાની દુખતરો છે કે જેમને આજ કુફાની ઓરતો, રસ્તાની બન્ને બાજુએ, તમાશો જોવા ઉભી છે અને હીરા-જવાહેરાતના બદલે રોટલીઓના કટકા અને ખજુરને પોતાની અવલાદના માથાપરથી સદકો ઉતારી આ શાહઝાદીઓ, રસુલની નવાસીઓ, તરફ ફેંકી રહી છે!

અલા લાઅનતુલ્લાહે અલલ કવ્મીઝ ઝાલેમીન .

મજલિસ ૨ જી

સલ્લલ્લાહો અલયક યા મૌલા, યા અબા અબદીલ્લાહ,
સલ્લલ્લાહો અલયક યબ્ન રસુલીલ્લાહ,
વ અલલ મુસ્તશ-હે દીના મઅક,
યા લયતની કુન્તો માઅકુમ, ફ-અફુઝો ફવ્ઝન અઝીમા.
(સલવાત)

بِسْمِ اللّٰهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ
وَإِنَّكَ لَعَلَىٰ خُلُقٍ عَظِيمٍ

મારા મોહતરમ માવિન્નો! અલ્લાહની આ પવિત્ર કિતાબ, કુરઆને શરીફના એકસો ચઉદ સુરાઓમાંથી, પીચાસી (85) સુરાઓ મકકામાં ઉતર્યા હતા, જેને **મકકી** કહેવામાં આવે છે અને ઓગણત્રીસ (29) સુરાઓ મદીનામાં નાઝીલ થયા હતા, જેને **મદની** કહેવાય છે. આપની સામે, જે મુબારક આયતની મેં તિલાવત કરી, તે સુરએ કલમની ચોથી આયત છે. સુરએ કલમનું બીજું નામ સુરએ નુન છે, જે કુરઆનનો આણસઠ (68) નંબરનો સુરો છે અને તે સુરો મકકામાં નાઝીલ થયો હોવાથી, તે મકકી કહેવાય છે. જેમાં અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાનો, તેમના રસુલના વખાણમાં, ઈરશાદ થઇ રહયો છે કે :
(અય મારા હબીબ!) બેશક, તારા અખલાક (તારી **CARACTERES**) *બહુજ ઉત્તમ દરજાના છે.*

“ અખલાક” શબ્દ **“ખુલ્ક”** માંથી આવ્યો છે, જેનો અર્થ થાય છે : નીતિ, એટલે ધર્મ પ્રમાણે પોતાના લખણ, પોતાના આચાર, પોતાનું **“comportement”**

હ૦ નબીએ કરીમ સ૦ ફરમાવતા હતા કે : **બોઈસ્તો લી ઉતમ - મીમા મકારીમુલ અખલાક** યાને કે : *મને એટલા માટે મોકલવામાં આવ્યો છે કે હું અખલાકને સઉથી ઉંચા દરજા સુધી પહોંચાડી આપું.*

આથી સમજાય છે કે, હ૦ પયગમ્બરની ફરજોમાંથી સઉથી એક મોટી ફરજ તે હતી કે ઇન્સાનને અખલાકનો સબક આપે, કારણકે તે સારા અખલાકના માલિક હતા.

સારા અખલાક, સારા આચાર બહુજ મુશકેલ છે, પણ તેની ઘણી જરૂર છે. સારા અખલાક હાંસીલ કરવા, તે એક મોટા ખાડામાંથી, સઉથી નિચેના તળીએથી ઉપર આવવું, એટલી તકલીફ ભર્યું છે.

એમ સમજો કે દુનિયા જેવો એક મોટો ખાડો છે અને તેમાંથી બહાર નીકળવું છે. ખાડાની અંદર એકદમ અંધારૂં છે અને આપણી આંખ્યો કોઇ કામની નથી, કારણકે કાંઇ સુજતું નથી. પોતાના હાથોથી ભીત પકડીને ઉપર ચડવાનું છે. જેટલું ઉપર આવશું , એટલુંજ અજવાળું સામે આવશે અને એટલુંજ અંધારૂં દુર થશે. આપણી આંખ્યોમાં જે અંધારા હતાં, તેમાં થોડું થોડું નુર પયદા થશે, જે દેખાતું ના હતું તે સુજવા લાગશે, દુર આવેલી ચીજો સુધી પણ આપણી નજર પહોંચશે. એજ પ્રમાણે, જેટલા આપણા અખલાક સારા થતા જશે, જેટલા આપણે અખલાકના રસ્તાપર એક-એક કદમ આગળ ભરશું, એટલાજ આપણે ખરાબીના ખાડામાંથી ઉપર આવશું, ખરાબીના અંધકારમાંથી ઇન્સાનીયતના નુરની બાજુમાં આવતા જશું અને સઉથી સારા માણસ બનશું. (સલવાત)

હ૦ રસુલે ખુદા સ૦ , એક દિવસ, મસ્જીદમાં બેઠા હતા. બધા સહાબીઓથી મસ્જીદ ભરેલી હતી. કયાંય બેસવાની જગ્યા ન હતી. એટલામાં એક ગરીબ માણસ આવ્યો અને એક અમીર-પૈસાદાર માણસની બાજુમાં બેસી ગયો. આ અમીર શેઠ પોતાના કપડાને એવી રીતે ખેંચીને સરખા કર્યો કે તે ગરીબના ફાટેલા કપડા, તેના હાથ-પગ તેને ચોંટે નહીં. હ૦ રસુલે અકરમ સ૦ મે, તેને આમ કરતાં જોઇ લીધા. તેમને આ વાત પસંદ આવી નહીં. તેમને આ અમીર તરફ જોઇને કહયું કે :

શું તને બીક લાગી કે તેની ગરીબી તને લાગી જાય ?

તેણે જવાબ આપ્યો કે : નહીં , યા રસુલુલ્લાહ !

શું તને બીક લાગી કે તારી અમીરી તેના તરફ ચાલી જાય? પયગમ્બરે પુછયું.

તેણે જવાબ આપ્યો કેઃ નહીં, યા રસુલુલ્લાહ; મેં બહુજ મોટી ભુલ કરી છે.

અલ્લાહના રસુલની નારાજગી, ખુશીમાં બદલી જાય, તે માટે થઇને, તે અમીર પોતાનો ઘણો માલ ગરીબ ઉપર કુરબાન કરવા ચાહયું, પણ તેણે કબુલ કર્યું નહીં.

અઝીઝાને મોહતરમ! ખુદાવંદે કરીમે, પોતાના રસુલને એક એવો મોઅજીઝો અતા કર્યો હતો કે જે આજ સુધી દુનિયામાં મવજુદ છે અને કયામત સુધી બાકી રહેશે : તે છે કુરઆને મજીદ. એજ પ્રમાણે, હ૦ રસુલે ખુદા સ૦નો એક બીજો મોઅજીઝો હતો અને તે છે આપના અખલાક. ચાલીસ વરસની ઉમરે, જયારે પયગમ્બરને રીસાલતનું એઅલાન કરવાનો હુકમ થયો, તે પહેલાં, આપની પાક-પાકીઝા

ઝી ંદગી એવી હતી કે જાહીલ અરબો આપને **અલ અમીન** અથવા **અસ-સાદીક** ના નામથી પોકારતા હતા. તે પછી, ત્રેવીસ વરસના ટુંક જીવનમાં, વાત-વાતમાં જગડી પડનાર અરબો, આપના મહાન અખલાકથી ખેંચાઇ, હીદાયત મેળવી શકયા.

મદીનાની અંદર, મસ્જીદે નબવીના સહનમાં, અમુક નાના રૂમ હતા જેને સુફફા કહેવામાં આવે છે, જયાં ફકીર, ગરીબ, મોહતાજ મુસલમાનો રહેતા હતા, જેમનો કોઇ કબીલો ન હતો. મોહાજીર અને અનસારો તરફથી તેમને અવાર-નવાર ખાવાનું આવતું હતું. હ૦ નબીએ કરીમ સ૦નો દસતુર હતો કે દરરોજ, નમાઝે સુબ્હ બાદ, તે લોકોને જોવા આવતા, થોડી વાર ત્યાં બેસતા, તેમની સાથે વાતો કરતા અને તેમના સમાચાર પુછતા.

મોઅમેનીન! તમારો વધુ ટાઇમ ન લેતાં, રસુલની ત્રેસઠ વરસની ઝીંદગીમાંથી ફકત એક નાનો વાકેઓ બયાન કરી, મસાએબ ઉપર મારી આ તકરીરને ખત્મ કરી આપીશ.

હીજરી સન આઠમાં, ફત્હે મકકા બાદ, જયારે હ૦ રસુલે ખુદા સ૦મે, પોતાના વતન, મકકાની અંદર, દાખીલ થયા અને મસ્જીદુલ હરામમાં પધાયાૅ, જોયું કે કુરેશ કબીલાના મોટા મોટા સરદારો ત્યાં મવજુદ છે. આપ તે લોકોને ફરમાવ્યું કેઃ અય કુરેશની જમાઅત! તમે અલ્લાહના નબીના કેટલા ખરાબ પાડોશી હતા કે તેમને જુઠ્ઠા કહ્યા, તેમને ઘણી તકલીફો-મુસીબતો પહોંચાડી, તેમને ઘરથી બહાર કાઢયા, એટલા ઉપર બસ ન કરતાં, જે શહેરમાં જઇને મેં પનાહ લીધી હતી, ત્યાં મદીના આવીને પણ તમે લોકો મારાથી લડવા લાગ્યા. હવે તમેજ મને બતાવો કે હું તમારાથી કેવો બદલો લઉં ?

બધા સાથે મળીને એક જવાબ આપ્યો કેઃ **ખયરૂન અખુન કરીમુન, વબ્ન અખીન કરીમીન :** અમે તમારાથી સારી ઉમેદ રાખીએ છીએ, અય અમારા બીરાદરે કરીમ, અને અય અમારા બીરાદરે કરીમના ફરઝંદ !

મકારેમુલ અખલાકના ઝીમ્મેદારે ફરમાવ્યું કે : **ઇઝહબુ ફા અનતોમુલ તોલકાઅ** : મેં તમને માફ કયાૅ અને તમને આઝાદ કયાૅ! એમ કહીને આપ હઝરત સ૦ સફાના પહાડ ઉપર આવીને બેસી ગયા. તે પછી તો લોકો જુકી-જુકીને હાર બંધ આવવા લાગ્યા અને ઇસલામનો કલમો પડતા ગયા ! મદોૅ આવ્યા અને ઓરતો પણ આવી અને મુસલમાન થતા ગયા. આ બધું ફકત અલ્લાહના રસુલના અખલાકની બરકત હતી ! (સલવાત).

ખુલ્કે અઝીમના માલિક અને દુનિયાઓ માટે રહેમત બનીને આવેલા રસુલનાજ કલામ છે કે **: મા ઉઝીયા નબીયયુન કમા ઉઝીતો** યાને કે :
મારા ઉપર જે મુસીબતો પડી છે તેવી મુસીબતો કોઇ નબી ઉપર પડી નથી.

હા, અઝાદારાને મઝલુમે કરબલા! પયગમ્બરની તકલીફો ફકત પોતાની ઝીંદગી પુરતી ન હતી, બલકે તેમની શહાદત પછી, તેમની એહલેબયત ઉપર આવનારી મુસીબતો, વધુ આપને દુખ અને તકલીફ આપી રહી હતી , જેમાંથી એક કરબલાની ભારે મુસીબત હતી.

ઇ૦ હુસયન અ૦ના બારામાં માઅસુમીન અ૦મુ૦નો કોલ છે કે: જુમ્માહના દિવસના શહીદ યા તો સોમવારના દિવસના શહીદ. આશુરાનો દિવસ જુમ્માહનો હતો, તેમાં કોઇ શંકા નથી, તો પછી ઇમામે શા માટે આમ ફરમાવ્યું? ઓલમાએ તેનું કારણ બતાવ્યું છે કે પયગમ્બરની વફાત સોમવારના થઇ હતી અને તેનો સીલસીલો કરબલા સુધી પહોંચ્યો કે જયાં ઇ૦ હુસયન અ૦ શહીદ થઇ ગયા. બસ, એમ સમજો કે અઠાવીસમી સફરના પયગમ્બરની વફાત વખતે, નબીને ગુસ્લો-કફન-દફન વગર છોડીને મુસલમાનો જયાં ભેગા થયા હતા, તે સકીફએ બની સાઅદાની અંદર ઇ૦ હુસયન અ૦ની શહાદત થઇ ચુકી હતી !

બહરહાલ, જયારે હ૦ રસુલે ખુદા સ૦નો આખરી વખત હતો ત્યારે આપ જ૦ સય્યદા સલામુલ્લાહે અલયહાના ઘરમાં હતા. જે વખતે આપ તાવની બીમારીમાંથી આંખ્યો ખોલી, તે વખતે પુછયું કે મારો હુસયન કયાં છે? માઅસુમાએ જવાબ આપ્યો કે બાબા ! તે આપના પગ પકડીને રોઇ રહયો છે. અલ્લાહના રસુલે, તેમના નાના નવાસાને છાતીથી ચાંપીને ફરમાવ્યું કે : સબ્રન, યા અબા અબ્દીલ્લાહ ! જાણે હું જોઇ રહયો છું કે તારૂં સર યઝીદના પાસે તોહફા તરીકે લઇ જવામાં આવી રહયું છે. અય અબુ અબ્દીલ્લાહ, સબ્ર કરજે!

અઝાદારો ! જે ગમનાક બયાનની ખબર રસુલે ઇસલામ સ૦ મે આપી હતી, તે વખત, તેમની વફાતના પચાસ સાલ બાદ, આવી ગયો. હ૦ ઇ૦ હુસયન અ૦ ના માથાને એક થાળમાં રાખી, યઝીદ મલઉનની સામે પેશ કરવામાં આવે છે. તે ઝાલીમના હાથમાં એક છળી હતી, જેનાથી પોતે ઇ૦ મઝલુમના દાંત અને હોઠ મુબારકને તકલીફ આપવા લાગ્યો. ચાહવાવાળી બહેન, જ૦ ઝયનબ અ૦, તે કેવી રીતે જોઇ શકે અને તેજ વખતે, પોતાનું માથું પીટવા લાગ્યા અને રોઇ-રોઇને પુકારવા લાગ્યા કે : ***વા હુસયનાહો ! યા હબીબ રસુલીલ્લાહ , યબ્ન ફાતીમતીઝ ઝહરા !***

અલા લાઅનતુલ્લાહી અલલ કવ્મીઝ ઝાલીમીન

મજલિસ ૩ જી

સલ્લલ્લાહો અલયક યા મૌલા, યા અબા અબ્દીલ્લાહ,
સલ્લલ્લાહો અલયક યબ્ન રસુલીલ્લાહ,
વ અલલ મુસ્તશ - હે દીના મઅક,
યા લયતની કુન્તો માઅકુમ, ફ અફુઝો ફવઝન અઝીમા
(સલવાત)

بِسْمِ اللّهِ الرَّحْمَنِ الرَّحِيمِ
قُلْ إِن كُنتُمْ تُحِبُّونَ اللّهَ فَاتَّبِعُونِي يُحْبِبْكُمُ اللّهُ وَيَغْفِرْ لَكُمْ ذُنُوبَكُمْ

અઝીઝાને મોહતરમ ! અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા તરફથી ઇન્સાનની હીદાયત વાસ્તે, આ દુનિયામાં, એક લાખ ચોવીસ હજાર પયગમ્બરો આવ્યા છે, જેમાંથી ત્રણસો તેર રસુલ હતા અને આ રસુલોમાં પાંચ ઉલુલ અઝમ-સઉથી અફઝલ પયગમ્બરો હતાઃ હ૦ નૂહ , હ૦ ઇબ્રાહીમ, હ૦ મુસા, હ૦ ઇસા અલયહેમુસ્સલામ અને હ૦ મોહમ્મદ સ૦, જે તમામ અંબીયાઅ-પયગમ્બરોના સરદાર છે.

એજ પ્રમાણે, અલ્લાહ તરફથી એકસો ચાર કિતાબો આવી છે, જેમાંથી એકસો ચોપડી **સહીફા** ના નામે ઓળખાય છે, સહીફા એટલે પાનાઓ, કાગળ અથવા **"FEUILLES"** કહેવાય છે અને બાકીની ચાર કિતાબો : ઝબુર કે જે હ૦ દાઉદ નબી ઉપર નાઝીલ થઇ હતી, તવરેત હ૦ મુસા નબી ઉપર, ઇનજીલ હ૦ ઇસા પયગમ્બર ઉપર અને કુરઆન હ૦ મોહમ્મદ સ૦ ઉપર કે જે આખરી કિતાબ અને આખરી શરીઅત છે, જે કયામત સુધી બાકી રહેનાર છે.

આ તેજ પવિત્ર-મુકદદસ કિતાબ, કુરઆને મજીદ અને ફુરકાને હમીદની અંદર, પરવરદિગારે આલમીનનો ઇરશાદ થઇ રહયો છે, ત્રીજા સુરાની અંદર, સુરએ આલે ઇમરાન ની એકત્રીસમી આયતમાં કે :

(અય રસુલ!) તું કહી આપ કે : અગર તમે અલ્લાહને દોસ્ત રાખતા હોય, તો મારી તાબેદારી કરો, યાને મારી ફરમાંબરદારી કરો, જેમ હું કહું છું તેમ તમે કરો, મારા પગલે-પગલે ચાલો, તો અલ્લાહ પણ તમને દોસ્ત રાખશે. (સલવાત)

મારા મોહતરમ માવિન્નો અને ઇમામ અ૦ના મોહીબ્બો ! આ આયતથી એ વાતની ખબર પડી કે અલ્લાહે પોતાની માહબ્બતનો આધાર, પોતાના મોકલેલા રસુલની તાબેદારી ઉપર રાખેલ છે. એટલે કે જે લોકો હ૦ નબીએ કરીમ સ૦ ના હુકમ પ્રમાણે વરતશે અને તે મુજબ અમલ કરશે તો તેમને ખુદા દોસ્ત રાખશે. મોહબ્બતની શરત પયગમ્બરની તાબેદારી છે. એ વાત બધા સમજી શકે છે કે ઇતાઅત એટલે **"SOUMISSION"** તાબેદારી, તે મોહબ્બત, પ્રેમ, દોસ્તી વિના થઇ શકતી નથી. જ્યાં મોહબ્બત ન હોય ત્યાં ઇતાઅત હોતી નથી; જ્યાં દોસ્તી ગાયબ ત્યાં ફરમાંબરદારી પણ ગાયબ.

એક દિવસ, અમારાથી થોડી મોટી ઉમરના જવાનોની એક જમાઅત, આપણા પહેલા ઇમામ, હ૦ અમીરૂલ મોઅમેનીન, અલી ઇબ્ને અબી તાલીબ અ૦ પાસે આવીને કહેવા લાગી કે : મૌલા! અમે તમારો સાથ દેવા તૈયાર છીએ. બસ, તમે એક ઇશારો કરો અને અમે અમારી ખુલી તલવાર લઇને હાજર થઇ જઇએ અને દુશમનોને મારી નાંખીએ.

ઇમામ અ૦ તે લોકોને બરાબર સાંભળી લીધા અને પાછા વાળ્યા.

બીજો દિવસ થયો, એટલે તેઓ પાછા ઇમામની સામે ઉભા રહી ગયા અને પાછી એજ વાત દોહરાવી, જે ગઇ કાલ કરી હતી, બલકે તેનાથી પણ ઘણુ વધારે સારૂં કહયું.

હ૦ મુશકીલ કુશા અ૦મે જવાબ માં ફરમાવ્યું કે : બસ, તમારી મરજી છે, તો એમ કરો, કે કાલે સવારે તમે બધા લોકો અહીં હાજર થજો. પણ, એમજ ન આવજો. પહેલાં તમે બધા પોતાના માથાના વાળ ઉતારી, બીલકુલ સાફ કરીને આવજો.

આ તમામ જવાનો ઘરે પાછા આવ્યા અને સાથે મળીને મત કર્યો કે કેમ કરશું ? એમાં જે તેનો લીડર હતો તેણે સલાહ આપી કે આમાં કોઇ મોટી વાત નથી. માથું સાફ કરી નાંખસો તો બહુજ ખરાબ લાગશો. માટે, આપણે બધા પાઘડી પહેરીને જાશું. વાળ બચી જશે, કામ પતી જશે અને કોઇને ખબર પણ નહીં પડે !

બીજો દિવસ થયો, એટલે તેઓ બધા દોડતા આવ્યા અને હ૦ અલી અ૦ ની સામે, માથું જુકાવી, બા-અદબ ઉભા રહી ગયા. એવો દેખાવ કર્યો કે મૌલાના ઇશારાપર પોતાનું માથું કપાવી દેશે ! ઇમામ આગળ વધ્યા, અને પોતાની તલવારની નોકથી, આસ્તે-આસ્તે, લીડરના માથાની પાઘડી ઉંચી કરીને, કાઢી નાંખતા ફરમાવ્યું કે :

ભલા, વાળની કુરબાની આપવાની હીમ્મત નથી અને માથું કપાવવાની મોટી-મોટી વાત કરો છો, માટે અહીંથી ઘરે ચાલ્યા જાઓ !

અઝીઝાને મોહતરમ ! આવોજ એક બીજો બનાવ આપણા છઠ્ઠા ઈમામ અ૦ના ઝમાનામાં પસાર થયો હતો. મારૂં દિલ ચાહે છે કે મસાએબ ઉપર આવવા પહેલાં, આપની સામે તે પેશ કરૂં. માટે, સઉ પ્રથમ આપ હ૦ મોહમ્મદો આલે મોહમ્મદપર દુરૂદ મોકલશો.(સલવાત).

છઠ્ઠા ઈમામ અ૦ નો દરબાર છે. આપની ખીદમતમાં સોહયલે ખોરાસાની હાજર થયા. સલામ અને વાતચીત બાદ, કહ્યું કે : મૌલા ! તમે તમારા હક લેવા માટે તલવાર કેમ નથી ઉઠાવતા ?

હઝરતે જવાબમાં ફરમાવ્યું કે : મારા કોઈ મદદગાર નથી.

સોહયલે કહ્યું કે : મૌલા ! તમે શા માટે એમ બોલો છો ? હઝરતના કદમ મુબારક ઉપર જાન કુરબાન કરનારથી દુનિયા ભરેલી છે. અત્યારે, આપણે વાતુ કરી રહ્યા છે, તે વખતે, ફકત ઈરાનની અંદર એટલી તલવારો છે કે જે આપના ઈશારાપર ચાલવા તૈયાર છે. આ બધા લોકો આપનીજ દોસ્તીનો દમ ભરે છે. મૌલા ! બસ, હુકમ ફરમાવો !

આ સાંભળી, ઈમામ જાઅફરે સાદીક અ૦ થોડી વાર ચુપ રહ્યા. ત્યાર પછી ઘરમાંથી એક ખાદીમને બોલાવ્યો અને હુકમ આપ્યો કે આગનો તનુર **(FOURNEAU)** સળગાવે. ઈમામનો હુકમ હતો એટલે આગ સળગાવવામાં આવી. તનુર રોશન થયો. આપે સોહયલની તરફ નજર કરીને ફરમાવ્યું કેઃ સોહયલ! જરા આ તનુરમાં તો કુદી પડો !

સોહયલનું શરીર કાંપવા લાગ્યું , પગ ઢીલા થઈ ગયા, માથામાં ચકકર આવવા લાગ્યા અને તરતજ, હાથ જોડીને બોલ્યા કે : મૌલા ! મને માફ કરો !

હઝરત ચુપ રહ્યા, કાંઈ જવાબ આપ્યો નહીં. થોડીવારમાં તો હારૂને મકકી હાજર થયા. પોતાના જોડા હજીંણ હાથમાંજ છે. સલામના જવાબ પછી ઈમામે તરતજ ફરમાવ્યું કે : અય હારૂન ! આ સામે તનુર સળગી રહ્યો છે, તેમાં કુદી પડો !

અહીં ઈમામની વાત હજીંણ પુરી થઈ ન હતી, ત્યાં તો હારૂન આગની અંદર, અચકાયા વિના, તરત કુદી પડયા, પુછયું પણ નહીં કે શા માટે ?

હઝરત, તે દરમીયાન, સોહયલ સાથે વાતુમાં લાગી ગયા અને ત્યાં હારૂને મકકી બડબડતી આગની અંદર પડયા રહ્યા. થોડો ટાઈમ પસાર થયો, પછીજ ઈમામે હારૂનને બોલાવ્યા અને તનુરની બહાર આવવાનો હુકમ આપ્યો. હારૂને મકકી હઝરત સાદીકે આલે મોહમ્મદની સામે હાજર થયા.

આપને આગથી લેશ માત્ર આંચ આવી ન હતી, એક બાલ પણ સળગ્યો ન હતો. જેવી રીતે હ૦ ઇબ્રાહીમ નબી માટે આગ એક બાગ બની ગઇ, એજ પ્રમાણે આજ, હારૂને મકકી માટે થયું.

હવે ઇમામે પેલા દાવેદાર સોહયલને સવાલ કર્યો કેઃ અય સોહયલ !મને બતાવો કે ઇરાનમાં આવા મારા કેટલા દોસ્ત છે કે જેના તમે હમણાજ વખાણ કરી રહ્યા હતા? (સલવાત).

અઝાદારો ! મોહબ્બતનો સાચો સબક તો આપણને કરબલામાં મળે છે. એમ તો હ૦ અબ્બાસ અ૦ ની પુરી ઝીંદગી ઇ૦હુસયન અ૦ પર કુરબાન હતી, છતાં, આશુરાના દિવસનો ફકત એકજ બનાવનો ચીતાર આપની સામે લાવું છું.

ઘોડાપરથી દરેક પડવાવાળો પોતાના હાથોનો સહારો લીએ છે. પણ, હાય અફસોસ ! તે શહીદ કેમ કરે જેમના બે હાથો કપાઇ ગયા છે, જેમની છાતીમાં તીર લાગ્યું છે ?

એવી હાલતમાં, હ૦ અબ્બાસ અ૦નું માથું ઝમીન ઉપર પડે છે અને ઇમામ હુસયન અ૦ ને , પડતાં - પડતાં પોકારે છે.

મઝલુમે કરબલા ભાઇની લાશપર પહોંચી ગયા અને ભાઇના માથાને પોતાના ખોળામાં લીએ છે. પણ જનાબે અબ્બાસ અ૦ માથાને ઝમીનપર ઉતારી નાંખે છે. ઇમામે પાછું સરને પાતાના ખોળામાં લીધું. સકકાએ સકીના અ૦મે પાછું સરને ઝમીનપર રાખી દીધું. ત્રીજી વખત, જયારે પાછું એવુંજ બન્યું, તો ઇમામ અ૦ મે સવાલ કર્યો કે : ભય્યા અબ્બાસ! શું તમને કોઇ તકલીફ થઇ રહી છે ?

તે વખતે, મૌલા અબુલ ફઝલીલ અબ્બાસ અ૦મે ફરમાવ્યું કે : મૌલા! સુબ્હથી જોઇ રહયો છું કે જે શહીદે તમને પોકાર્યો છે, તેમની લાશ ઉપર તમે પહોંચી ગયા છો અને દરેકના સરને તમે તમારા ઝાનુ ઉપર રાખ્યા છો. પણ, મૌલા! થોડા ટાઇમ પછી જયારે તમે ઝુલજનાહ થી ઝમીન ઉપર આવશો, તે વખતે, તમારા સરને પોતાના ઝાનુ ઉપર લેવાવાળું કોણ હશે ?

અઝાદારો! આ છે જનાબે ઉમ્મુલ બનીનના ફરઝંદની મોહબ્બત ફરઝંદે ફાતેમા અ૦ માટે કે પોતાના ઇમામનો આખરી વખત યાદ કરતાં, ફકત એજ ખયાલ કે મારા મૌલાને અગર સર રાખવા માટે ખોળો નસીબ નહીં થાય તો પોતે પણ ચાહે છે કે તેમનું સર , ખોળા વગરનો, ઝમીનપર રહે.

અલા લાઅનતુલ્લાહી અલલ કવમીઝઝાલીમીન

મજલિસ ૪ થી

સલ્લાલ્લાહો અલયક યા મૌલા, યા અબા અબ્દીલ્લાહ ,
સલ્લલ્લાહો અલયક યબ્ન રસુલીલ્લાહ ,
વ અલલ મુસ્તશ-હે-દીના મઅક ,
યા લયતની કુન્તો માઅકુમ, ફ- અફુઝો ફવઝન અઝીમા
(સલવાત)

بِسْمِ اللّٰهِ الرَّحْمَنِ الرَّحِيم
إِنَّمَا يَتَقَبَّلُ اللّٰهُ مِنَ الْمُتَّقِينَ

મોહતરમ હાજરીને મજલિસ ! હ૦ મોહમ્મદ સ૦ને જયારે રીસાલત-પયગમ્બરી-નબુવ્વતની જાહેરાત કરવાનો અલ્લાહ તરફથી હુકમ થયો ત્યારે આપની ઉમ્ર ચાલીસ વરસની હતી. તેર વરસ આપ, પોતાના વતન, મકકએ મોઅઝઝમાની અંદર વિતાવ્યા અને ઝીંદગીના બાકીના દસ વરસ મદીનએ મુનવ્વરાહ માં પસાર કર્યા. ત્રેવીસ વરસની મુદદતમાં આપની ઉપર પુરૂં કુરઆન, કે જે આપણી પાસે મવજુદ છે, તે નાઝીલ થયું. કુરઆને મજીદનો સઉથી લાંબો સુરો, સુરએ બકરાહ છે કે જેની અંદર બસો છીયાસી આયતો છે અને સઉથી નાનો સુરો, સુરએ કવસર છે, કે જેમાં ફકત ત્રણ આયતોજ મળે છે. કુરઆને શરીફની અંદર, કુલ મળીને, છ હજાર છસો છાંસઠ **(6.666)** આયતો સમાએલી છે.

કુરઆનનો પાંચમો સુરો, સુરએ માએદાહ છે, જેનો અર્થ થાય છેઃ ખોરાક અથવા “ **LE PLATEAU SERVI** “, તેની સતાવીસમી નંબરની આયત, કે જે આપની સામે, આ મજલિસ ની શરૂઆતમાં, મને તિલાવત કરવાનો શરફ હાંસીલ થયો છે, તેમાં અલ્લાહ તઆલા વ સુબ્હાનહુનો ઇરશાદ થઇ રહ્યો છે કે : *ખુદા ફકત પરહેઝગારો - ગુનાહોથી દુર રહેવાવાળા - મુત્તકીયોનાજ (અઅમાલ) કબુલ કરે છે.* (સલવાત).

અઝીઝાને મોહતરમ ! **મુત્તકીન** બોલ **તકવા** માંથી આવ્યો છે અને **તકવા** નીકળ્યો છે **વિકાયાહ** માંથી, એટલે : હીફાઝત, પરહેઝગારી, પોતાને બચાવવું. શરીઅતમાં તેનો અર્થ થાય છે : ઇન્સાનને, દરેક એવી વસ્તુઓથી, પોતાને બચાવવો કે જે આખેરત માટે નુકસાનકારક હોય, યાને કે જે કામની અલ્લાહે મના કરી હોય, તે કામ કરવા નહીં.

કોઇએ હઝરત ઇમામ જાઅફર સાદીક અ૦ને સવાલ કર્યો કે તકવા શું ચીજ છે ?

ઇમામે જવાબમાં સમજાવ્યું કે : *તકવા એટલે જયાં ખુદાનો હુકમ હોય, ત્યાં પોતાનું માથું ઝુકાવી દેવું અને જે કામ કરવાની ખુદાએ મના કરી હોય, તેવા કામ કરવાથી બચવું.*

મુસ્તહબ યાને સુન્નત ફકત બે રકાત નમાઝ પડવાનો ઘણો સવાબ છે. અગર એક માણસ, એક હજાર રકાત મુસ્તહબ નમાઝો પડે, તો વિચાર કરો કે તેનો કેટલો બધો સવાબ હશે! અને જો તેજ માણસ, બે હજાર રકાત મુસ્તહબ નમાઝો પડે, તો કેની તાકત છે કે તેનો સવાબ ગણી શકે ! હવે મોઅમેનીન, તમે સાંભળો, કે તેજ ભારે સવાબની મુસ્તહબ નમાઝો માટે, આપણા છઠ્ઠા ઇમામ અ૦ શું કહે છે? મૌલા ફરમાવે છે કે : *હરામનો ફકત એકજ લુકમો ખાવો નહીં, તે અલ્લાહની નજદીક બે હજાર મુસ્તહબ નમાઝ પડવાથી પણ વધારે ખુશીનું કારણ છે.* યાને કે મીઝાન **" BALANCE "** ના એક પલ્લા ઉપર હરામ જમણનો એક કોળીયો રાખો અને બીજા પલ્લા ઉપર બે હજાર રકાત સુન્નત નમાઝો રાખો, તો હરામનો લુકમો વધુ ભારી દેખાશે, તેનો ગુનોહ આ નમાઝોના સવાબની બાજુમાં વધારે વજનદાર હશે! (સલવાત).

એક દિવસ, હ૦ રસુલે ખુદા સ૦મે, પોતાના સહાબીઓને ફરમાવ્યું કે :*જે માણસ* ***સુબ્હાનલ્લાહ*** *કહે, તો ખુદાવંદે આલમ તેના માટે જન્નતમાં એક ઝાડ ઉગાડશે.*

આ સાંભળીને કુરયશનો એક માણસ ઉભો થયો અને પયગમ્બરને અરજ કરી કે :યા રસુલુલ્લાહ સ૦ ! જો એમજ છે, તો અમારા માટે આખી જન્નત ઝાડથીજ ભરેલી હશે ! બસ, જંગલ અને જંગલજ હશે ! ત્યાં ઝાડનું મોટું ***" PARC "*** *હશે !*

તે વખતે, હ૦ નબીએ કરીમ સ૦ મે જવાબ આપ્યો કે : હા, તમારી વાત બીલકુલ સાચી છે. પણ, યાદ રાખજો કે : એવું ન બને કે તમે અહીંથી એવી આગ મોકલો કે જે તમારા ઝાડને બાળી ને ખલાસ કરી નાખે.! હવે ત્યાં તમને ***"PARC "*** *ના બદલે એક મોટું* ***"DESERT"*** મળે ! યાને કે જેવી રીતે ઇબાદતમાં સવાબ છે, એવીજ રીતે ગુનાહમાં અઝાબ છે; અલ્લાહની ઇતાઅત-તાબેદારીમાં માઅબુદની ખુશી છે અને તેની નાફરમાનીમાં નારાજગી છે.

મારા અઝીઝ માવિન્નો અને બીરાદરો ! હમણા આગની વાત થઇ, તો મને તરત એક હદીસ યાદ આવી ગઇ, જેમાં હ૦ ઇસલામના પયગમ્બર સ૦ ફરમાવે છે કે : *હસદ, ઇમાનને એવી રીતે ખાઇ જાય છે, જેવી રીતે આગ લાકડાને બાળી નાખે છે.*

જયારે આગ લાગવાથી લાકડું પણ કાળું કોલસું બની જાય છે, તો હવે અહીં વિચાર કરવાની જગ્યા છે કે હસદ થકી ઇમાનની કઇ હાલત બનતી હશે ! જયારે ઇમાન બાકી રહ્યું નહી , તો પછી તકવાની કોઇ વાતજ નથી ! જન્નતના જંગલો તો એક તરફ, અહી તો ઇમાનને આગ લાગી ચુકી છે ! હસદ થકી મોઅમીન, હવે મોઅમીન રહ્યો નથી !

મારા મોહતરમ સાંભળનારાઓ ! દુનિયામાં, હસદ તો થતો રહે છે, પરંતુ, આજ સુધી, વધુમાં વધુ હસદ હ૦ મોહમ્મદો આલે મોહમ્મદ સ૦ ઉપર, એજ નબીનો કલમો પડવાવાળા તરફથી થયો છે, કારણકે તેમને એવી ઇઝઝત નસીબ થઇ હતી કે, આ કાએનાતમાં, કોઇને એવી મળી નથી. અને તેજ એહલેબયત અલયહેમુસ્સલામની અંદર એક એવી શખશીયત જોવા મળે છે કે જેના માટે હ૦ રસુલે ખુદા સ૦મે ફરમાવ્યું છે કેઃ**" ઝય્યેનુ મજાલિ-સકુમ બી ઝીકરી અલી ઇબ્ની અબીતાલીબ, લી અન્ન ઝીક્રહુ ઝીકરી, વ ઝીકરી ઝીકરૂલ્લાહ, વ ઝીકરૂલ્લાહી ઇબાદહ."** યાને કેઃ *તમારી મજલિસોને ઝીકરે અલી ઇબ્ને અબીતાલીબથી શણગારો, કારણકે તેનો ઝીક્ર તે મારો ઝીક્ર છે, અને મારો ઝીક્ર તે અલ્લાહનો ઝીક્ર છે, અને અલ્લાહનો ઝીક્ર તે ઇબાદત છે.* (સલવાત) .

હ૦ અલી અ૦ વિશે વાત કરવી, તે જાણે હ૦ રસુલે ખુદા સ૦ ની વાત કરવી બરાબર છે.હ૦ અલી, હ૦ પયગમ્બરે ઇસલામની ઘણી સીફાતો, ઘણી **„CARACTERES"** ના બરાબરના ભાગીદાર હતા, અને તેમના અમલ, હ૦ નબીએ કરીમ સ૦ના અમલ ગણાય છે.

જે રસ્તાપર અલ્લાહના રસુલ ચાલી રહ્યા હતા, એજ માર્ગમાં, રસુલના પગ મુબારકના નિશાન ઉપર, મૌલાએ મુત્તકેયાન ચાલી રહ્યા હતા. આપના ઉત્તમ અખલાક અને સરસ ખુબીઓના, હ૦ અમીરૂલ મોઅમેનીન અ૦ એક બેહતર અને પુરા નમુના હતા. જે વખતે, હયદરે કર્રાર, હ૦ અલી ઇબ્ને અબી તાલીબ અ૦ ના ફઝાએલ અને વખાણ, મોઅજીઝા અને વાકેઆત બયાન થાય, તે વખતે, બસ એમ સમજો કે હ૦ રસુલે અકરમ સ૦નો ઝીકર થઇ રહ્યો છે, જેમાં કોઇ શંકા નથી. તે ઇન્સાનનું શું કહેવું કે જેનો ઝીક્ર, તે અલ્લાહનો ઝીક્ર બની જાય, અને ઝીક્રે ખુદા બનીને, તે ઇબાદતનો શરફ હાંસીલ કરે ! (સલવાત).

હ૦ મૌલાએ કાએનાતની ઇબાદતની એ હાલત હતી કે અલ્લાહની બંદગી કરવા માટે, આખી રાત ઉભા રહેતા હતા અને ઘરના માણસો, એક રાતમાં, એક હજાર વખત તકબીરતુલ એહરામના **અલ્લાહો અકબર** સાંભળતા હતા ! રોઝાની એ હાલત હતી કે એવો કોઇ દિવસ નહી હોય કે જયારે આપ રોઝેદાર ન હોય !

સીફફીનનો મયદાન છે. સખ્ત જંગ થઇ રહી છે. દુશમનો તરફથી તીરોનો વરસાદ વરસી રહ્યો છે. બપોરનો સમય નજદીક આવતો જાય છે. ઝોહરનો ટાઇમ થઇ ચુકયો છે. ઇમામ અલી અ૦મે ઝમીન ઉપર મુસલ્લા પાથરવાનો હુકમ આપ્યો. અમુક માણસો અજબ થવા લાગ્યા. કોઇથી રહેવાયું નહીં. તરત પુછી લીધું કેઃ મૌલા! આ વખત મયદાનની અંદર નમાઝ પડવાનો નથી! એવું ન બને, મૌલા, કે કોઇ તીર આવીને તમારા પગ મુબારકની અંદર ઘુસી જાય !

અઝીઝાને મોહતરમ ! હ૦ રસુલના વસીએ બરહક અને મોઅમીનોના અમીરનો જવાબ સાંભળો ! ઈમામ અ૦ ફરમાવે છે કેઃ આ જંગ નમાઝને બાકી રાખવા માટે અને અલ્લાહના હુકમોને બજાવવા માટે તો થઇ રહી છે !

પણ, હાય અઝાદારો ! તેજ આપણા અને કાએનાતના મૌલા, હ૦ અલી અ૦ સાથે કલમાગોહ મુસલમાનોએ કેવો સુલુક કર્યો? અરે! અલ્લાહના ઘરમાં શહીદ કર્યા. ઈમામના સર મુબારક ઉપર, માહે રમઝાનની ઓગણીસમી તારીખે, ઝહેર પાએલી તલવારનો એવો ઘા કર્યો, કે આખા શરીરમાં તેનો અસર ફેલાઇ ગયો, અને ત્રણ દિવસ પછી, આ ફાની દુનિયાથી, આપ સીધાવી ગયા. જીબ્રઇલે મૌલાની શહાદતની ખબર સંભળાવી કેઃ ખુદાની કસમ, હિદાયતના થંભ ઝમીનદોસ્ત થઇ ગયા ! હ૦ મોહમ્મદે મુસ્તફાના ભાઇ કતલ થઇ થઇ ગયા !

અઝાદારાને ઇમામ ! આજે જીબ્રઇલે પોતાના ઉસ્તાદની શહાદતના સમાચાર સંભળાવવા ઝમીન-આસમાન વચ્ચે પોકાર કર્યો. એ આવાજ સાંભળી, કુફાવાસીઓ મૌલાની છેલ્લી ઝીયારત માટે, પોતપોતાના ઘરોમાંથી ઉઘાડા પગે અને ઉઘાડા માથે નીકળી પડયા. પરંતુ, જીબ્રઇલે જયારે પોતાના ઉસતાદના દિકરાની શહાદતની ખબર આપીઃ " **અલા કોતીલલ હુસયનુ બી કરબલા** " , તે વખતે શું થયું ? શું કોઇ હુસયન અ૦ના બિમાર શેહઝાદાને દિલાસો આપવા આવ્યું હતું ? શું કોઇ જ૦ ઝયનબને પુરસો દેવા આવ્યું હતું ? શું કોઇ જ૦ સકીનાને પ્યાર કરવા આવ્યું હતું ? અરે દિલાસો કેવો ? પુરસો કેવો ? પ્યાર કેવો ? બીમાર શેહઝાદા માટે ઝન્જીર અને કાંટાવાળો તોક લઇ દુશમનો આવ્યા ! જ૦ ઝયનબની ચાદર છીનવા લુટારાઓ આવ્યા! જ૦ સકીનાના એરીંગ ખેંચવા સિતમગારો આવ્યા ! ખયમાઓને જલાવી દેવા ઝાલિમો આવ્યા !

અલા લાઅનતુલ્લાહી અલલ કવમીઝઝાલીમીન

મજલિસ ૫ મી

સલ્લલ્લાહો અલયક યા મૌલા, યા અબા અબ્દીલ્લાહ,
સલ્લલ્લાહો અલયક યબ્ન રસુલીલ્લાહ,
વ અલલ મુસ્તશ- હે દીના મઅક,
યા લયતની કુન્તો માઅકુમ, ફ-અફુઝો ફવઝન અઝીમા.
(સલવાત)

بِسْمِ اللّٰهِ الرَّحْمَنِ الرَّحِيمِ
أَمَّن يُجِيبُ الْمُضْطَرَّ إِذَا دَعَاهُ وَيَكْشِفُ السُّوءَ

મોહતરમ હાજરીને મજલિસ ! મજકુર આયત કે જેની, આપની સામે તિલાવત કરીને, મેં ઇઝઝત હાંસીલ કરી છે, તે સુરએ અન્નમ્લ કે જે કુરઆને કરીમનો સતાવીસમો સુરો છે, તેની બાસઠ નંબરની આયત હતી કે જેમાં, પરવરદિગારે આલમીન ફરમાવી રહ્યો છે કે : *ભલા તે કોણ છે કે જયારે ગભરાએલો તેને પોકારે છે, ત્યારે તે તેની દુઆને કબુલ કરે છે અને તેની મુસીબતને દુર કરી આપે છે ?*

આ સુરાનું નામ તેજ સુરાની અઢારમી આયતમાંથી લેવામાં આવ્યું છે, તેની અંદર જ૦ સુલયમાન નબી અને કીડીનો મશહુર વાકેઓ છે અને એજ તો તેનો અર્થ થાય છે, યાને કે : અન્નમ્લ એટલે કીડીઓ અથવા « **LES FOURMIS .** » આ મુબારક કલામે પાકની તફસીરમાં આવવા અગાઉ, હું ચાહું છું કે, મારા મૌલા આપણી આ અઝાદારીને કબુલ ફરમાવે અને મારૂં નામ, તેમનો ઝીક્ર કરનારાઓ, ઝાકીરના લીશ્ટ માં નોંધી આપે, તે વાસ્તે, મજલિસે ઇમામ હુસયન અ૦ના બારામાં બે શબ્દો, આપની ખીદમતમાં હદીયો કરવાની રજા લઉં છું.

મજલિસ, એક વચન કહેતાં “singulier” છે અને મજાલિસ, તેનો બહુવચન કહેતાં « pluriel » છે. તે બોલ અરબી ઝબાનનો મુળ શબ્દ **જલાસા** માંથી આવ્યો છે અને જેની માયના થાય છે : બેસવું , અથવા સભા ભરવી, અથવા ભેગા થવા માટે બેસી જવું .

મઝહબી રીતે અગર તેનો તરજુમો કરવામાં આવે તો મજલિસ, એટલે મોઅમીનોની, ભેગા થઇને બેસવાની તે જગ્યા કે જયાં ઇસલામના કાનુનો વિશે સમજણ આપવામાં આવતી હોય અને તે બયાન કરબલાના ગમનાક મસાએબ ઉપર ખત્મ થાય. મજલિસ યાને ઇ૦ હુસયન અ૦ની મુસીબતો ઉપર બે આંસુઓ સારવાની જગ્યા ; મજલિસ એટલે એહલુલ બયત અ૦મુ૦ નો ઝીક્ર કરવાની બેઠક.

કરબલાની કરૂણ દાસ્તાન બાદ, પહેલી મજલિસ, બની ઉમય્યાહના બાદશાહોનું પાએ તખ્ત શામની અંદર બરપા થઇ, જયાં યઝીદ મલઉનનું મહેલ હતું, જયાં એહલેહરમ કયદીઓનો તમાશો જોવા શામવાસીઓ ભેગા થયા હતા, અને મજલિસ બરપા કરનાર, બીજા કોઇ ન હતા, પણ તે ઇ૦ હુસયન અ૦ની વહાલી બહેન, સાનીએ ઝહેરા, ઉમ્મુલ મસાએબ, જનાબે ઝયનબ સલામુલ્લાહે અલયહા હતા. યઝીદ દુશમનના દરબારમાં આ પહેલી જીત હતી.

હ૦ ઇ૦ ઝયનુલ આબેદીન અ૦, મદીના આવ્યા બાદ, ચોંત્રીસ વરસ જીવતા રહ્યા, પણ આ મજલિસો બરપા કરવા અને બરપા કરાવવાની ઘણી કોશીશો કરી, એટલે સુધી કે જયારે કોઇની શાદી થતી અને તેમને ત્યાં હાજરી આપવા બોલાવતા, ત્યારે આપ તેમાં મજલિસ યોજવાની પહેલી માંગણી કરતા હતા.

હ૦ ઇ૦ મોહમ્મદે બાકીર અ૦ વસીયત કરી ગયા હતા કે, તેમની શહાદત બાદ, હજની મોસમમાં, મીનાના મયદાનમાં, લાખો હાજીઓ વચ્ચે, દસ વરસ સુધી, આ મજલિસે ઇમામ હુસયન અ૦ બરપા કરવામાં આવે. આપણા તમામ અઇમ્માહ અ૦મુ૦મે, આ અંગે ઘણી મહેનતો કરી છે અને ખાસ કરી, ઇ૦ રઝા અ૦ ના ઝમાનામાં, આવી બેઠકને મજલિસનું નામ આપવામાં આવ્યું.

અઝીઝાને મોહતરમ! બસ, એટલું કહી, હું મારા મુળ મકસદ ઉપર આવી જાઉં છું કે દુઆ અલ્લાહ પાસે એક માનભરી માંગણી છે, પોતાના માલિક પાસે અરજી પેશ કરવાની એક ઇબાદત છે, કે જેથી માઅબુદ તેની જરૂરીયાતને પુરી કરી આપે, તેમનાપર પોતાની રહેમત વરસાવે, તેમના ગુનાહોને માફ કરી દીએ, તેમની તકલીફોને સહેલી કરી આપે, મુસીબતોને દુર કરી નાંખે, તેમની ખરાબ આદતોને સુધારી આપે, પોતાની નજદીકી અતા કરે, સીધો માર્ગ બતાવે અને દિલને શાંતિ આપે . આ વાતને અગર હું મારા મૌલા અમીરૂલ મોઅમેનીન અ૦ના કલામમાં અરજ કરૂં તો તરત સમજાય જશે કે : **અદદુઆઓ સીલાહુલ મોઅમીન** એટલે કે : *દુઆ મોઅમીનનું હથીયાર છે.* (સલવાત).

હદીસમાં એમ પણ મળે છે કે : બે માણસો સરખી ઉમરના, એક સરખી નેકીઓ અને સરખી ઇબાદતો ધરાવનાર, સાથે જન્નતમાં દાખલ થશે.

પરંતુ, જે વખતે એક જોશે કે તેનો મોઅમીન ભાઇ, તેનાથી આગળ જઇ રહ્યો છે, ત્યારે તે અલ્લાહને પુછશે કે : જયારે અમો બન્નેના અઅમાલ સરખાં છે તો પછી પેલાંનો મરતબો મારાથી કેમ વધી ગયો ? તે વખતે, તેને માલિક તરફથી જવાબ મળશે કે : તેણે મારી પાસે માંગ્યું તો મેં તેને આપ્યું ; તેં તારા હાથો દુઆથી રોકી લીધા, તેં કાંઇ માંગ્યું નહીં ; એટલે તને તારી ઇબાદતોનો જે હક થતો હતો, તે આપવામાં આવ્યો, તેનાથી વધુ દુઆથી મળી શકતું હતું ; અને દુઆ થકીજ, તારા દોસ્તને વધુ ફાયદો મળ્યો છે.

હદીસે કુદસીમાં અલ્લાહ ફરમાવે છે કેઃ *હે મુસા ! તારા ઘેટાઓ-બકરાઓ માટે તને ઘાસ ની જરૂર હોય તો મારી પાસે માંગ; ખાવા માટે નિમકની જરૂર હોય તો મારી પાસે સવાલ કર.* આથી નકકી થયું કે આપણી નાનામાં નાની જરૂરત પણ અલ્લાહ પાસે માંગવી જોઇએ, જે થકી, તેની સામે આપણી લાચારી અને મોહતાજી જાહેર થાય અને અલ્લાહની મોટાઇ ચમકે.

આપણા છઠ્ઠા ઇમામ, હ૦ જાઅફરે સાદીક અ૦ને પુછવામાં આવ્યું કેઃ આપ તે બે માણસો વિશે શું કહો છો કે જે બન્ને મસ્જીદમાં દાખલ થયા, એક દુઆમાં મશગુલ રહે છે અને બીજો સુન્નત નમાઝો અદા કરે છે? માઅસુમે જવાબ આપ્યો કેઃ બન્ને નેક છે. સવાલ કરનારે અરજ કરી કેઃ મૌલા ! તે બેમાંથી અફઝલ કોણ છે? ઇમામે ફરમાવ્યું કેઃ જે દુઆ માંગે છે, તે વધુ અફઝલ છે. હ૦ માઅસુમીન અ૦મુ૦ નો કોલ છે કે : *જો બંદો એમ ચાહે કે અલ્લાહ તેની સાથે વાતો કરે તો તેણે કુરઆને શરીફ સમજીને પડવું અને જો એમ ચાહે કે પોતે પોતાના માલિક સાથે કલામ કરે તો તેણે હાથ ઉંચા કરી અલ્લાહ પાસે આજીજી સાથ દુઆ માંગવી.* (સલવાત).

મોઅમેનીન ! દુઆ ઇન્સાન માટે એક જરૂરી વસ્તુ છે. તે માણસને બીજા કોઇ સાથે વાતુ કરવા નોતરે છે. અને તે બીજી હસ્તી કોઇ નથી, પણ તે તેનો પયદા કરનાર, કાએનાતનો માલિક, અલ્લાહ છે કે જેની સામે, પોતે બધી ખાનગી વાતો, આજ, ખુલી કરી, પાથરી રહયો છે. હદીસમાં છે કે : *જયારે કોઇ માણસ નમાઝ બાદ દુઆ માંગતો નથી ત્યારે અલ્લાહ ફરીશતાઓને ફરમાવે છે કે આ માણસની નમાઝને તેના મોઢા ઉપર ઘા કરો કારણકે તેણે મને દુઆ માંગવાને પણ લાયક સમજયો નથી !*

ઇન્સાન પોતાની ઝીંદગી દરમીયાન, હમેશાં સુખની તલાશમાં ભટકે છે અને દુખ-દર્દથી બચવા ચાહે છે. દુનિયા ભલે સુખ-દુખથી બનેલી હોય, પણ કોઇ માણસ દુખને શોધશે નહીં, બલકે હમેશાં સુખ અને આરામની તલાશમાં રહેશે. તે વખતે પોતે સમજશે કે કોઇ તેની ઉમેદ અને આશાને પુરી કરી શકતો નથી, સિવાય કે એક અલ્લાહ કે જે દરેક ચીજ ઉપર બધી તાકત અને કુદરત રાખે છે, જયારે કે દુનિયાની તમામ મખલુક તેની મોહતાજ છે.

જેમ જેમ ઇન્સાનનું ઇમાન વધતું જશે, અલ્લાહની ઓળખાણ-માઅરેફત પ્રગતિ કરશે, તેમ તેમ બંદાને દુઆની અંદર રસ લાગશે. બસ, બે હદિસો આપની સામે આખીરમાં હદિયો કરી, હું આપને કરબલાની તપતી ઝમીન તરફ લઇ ચાલીશ.

હ૦ પયગમ્બર સ૦ નું ફરમાન છે કે : *કુરઆનની તિલાવત પછી, દુઆ અલ્લાહની ઉત્તમ ઇબાદત છે.* બીજી જગ્યાએ ઇરશાદ થઇ રહયો છે : *દુઆ ઇબાદત માટે એવીજ રીતે છે, જેવી રીતે ઇન્સાનના શરીર માટે તેનું મગજ છે.*

અઝાદારાને ઇમામે મઝલુમ! શબે આશુર, મૌલા હુસયન અ૦ તે રાત કેવી રીતે પસાર કરી ? કરબલાનો ઇતિહાસ લખનાર કહે છે કે : રાતના સન્નાટામાં, તસ્બીહ અને તહલીલનો , ઇમામ અ૦ અને તેમના અસહાબોનો આવાજ એવી રીતે ગુંજી રહયો હતો કે જાણે મધપુળામાંથી મધમાખીઓના ગુંજનનો આવાજ આવતો હોય !

જ૦ ઝયનબ અ૦મે શબે આશુર કયાંકથી રોવાનો દર્દનાક અવાજ સાંભળ્યો. જયારે આપ ખયમાની બહાર તપાસ કરવા નીકળ્યા તો રોવાનો અવાજ બંધ થઇ ગયો. જે વખતે આપ ખયમાની અંદર આવ્યા તો ફરી છાતી ફાળી નાખે એવો અવાજ આવવા લાગ્યો. ફરી આપ બહાર પધાર્યા કે આવા દર્દનાક અવાજથી કોણ રોઇ રહયું છે ? ચારે તરફ આપ તલાશ કરવા લાગ્યા, પણ કોઇ જોવામાં આવ્યું નહીં. છેવટે આપ ઇમામ હુસયન અ૦ના ખયમામાં તશરીફ લઇ ગયા અને અરજ કરી કે : ભય્યા ! મને રોવાનો એવો દર્દનાક અવાજ આવે છે કે મારૂં દિલ પરેશાન થઇ જાય છે. તે વખતે ઇમામ હુસયન અ૦મે ફરમાવ્યું કે : બહેન ! ઝમાનાનો કેવો ઇન્કેલાબ છે કે તમે તમારી માંનો આવાજ ન ઓળખી શકયા ! બહેન ઝયનબ ! મારો આવો હાલ જોઇને મયદાને કરબલામાં ચારો તરફ પોકારી પોકારીને માં રડી રહયા છે. બહેન ! જયારે માદરે ગીરામી મારૂં સર નેઝાની અણી ઉપર જોશે ત્યારે માંનો કેવો હાલ થશે !

અલા લાઅનતુલ્લાહી અલલ કવમીઝઝાલેમીન

મજલિસ ૬ ઠ્ઠી

સલ્લલ્લાહો અલયકા યા મૌલા યા અબા અબ્દીલ્લાહ,
સલ્લલ્લાહો અલયક યબ્ન રસુલીલ્લાહ,
વ અલલ મુસ્તશ- હે દીના મઅક,
યા લયતની કુન્તો માઅકુમ, ફ અફુઝો ફવઝન અઝીમા.
(સલવાત)

بِسْمِ اللّٰهِ الرَّحْمَنِ الرَّحِيمِ
قُل لَّا أَسْأَلُكُمْ عَلَيْهِ أَجْرًا إِلَّا الْمَوَدَّةَ فِي الْقُرْبَى

મોહતરમ હાજરીને મજલિસ! કુરઆને હકિમ, તે મહાન મરતબાની કિતાબ છે કે જે મોઅજીઝા બનીને પયગમ્બરના દિલ ઉપર નાઝીલ થઇ હતી, જેનું એઅજાઝ " **MIRACLE** " આજ સુધી બાકી છે અને ઇન્શાઅલ્લાહ કયામત સુધી બાકી રહેશે. ઝમાનો પોતાનો પડખો બદલતો રહ્યો, ઇન્કેલાબની હવાઓ ચાલવા લાગી, સદીઓ ગુઝરતી રહી, પરંતુ, ના આ અલ્લાહની કિતાબમાં કોઇ ઇન્કેલાબ આવ્યો, ના તેની અંદર કોઇ ફેરફાર થયો.

જેવી રીતે કુરઆન, ગઇ કાલ, અલ્લાહના રસુલના હાથો ઉપર મોઅજીઝો હતો, એવીજ રીતે, આજ, આપણા ગુનેહગાર હાથો ઉપર પણ મોઅજીઝો છે. અને જેમ પયગમ્બરની સચ્ચાઇ માટે, કુરઆન ની ઝબાન નો ઇરશાદ હતો કેઃ અગર તમને મારી નબુવ્વત ઉપર શક હોય, અગર તમને ઇસલામની હકકાનીયત ઉપર શક હોય, અગર તમને કુરઆન અલ્લાહની કિતાબ હોવામાં શક હોય, તો આવો અને જીન્નાતો-ઇન્સાનો, સર્વે સાથે મળીને, આ કુરઆનના જવાબમાં એક નાનામાં નાનો સુરો પેશ કરી આપો. યાદ રહે કે જેવી રીતે, કોઇ ઝમાનામાં એવું બની શકયું નહીં, એજ પ્રમાણે, આજ પણ, કુરઆનનો જવાબ બની શકે તેમ નથી અને કયામત સુધી એવું કદી બની શકશે નહીં અને આ દાવો, કુરઆનની સાથે, આજ પણ બાકી છે.

આ અલ્લાહની પાક કિતાબ એટલી ભારે છે કે ખુદ માઅબુદનો ઇરશાદ થઇ રહ્યો છે કે અગર આ કુરઆનને હું પહાડો ઉપર ઉતારતે તો પહાડો પણ ચુરે ચુરા થઇ જાત. શું ખુદાના આ કલામ પછી પણ કોઇ મુસલમાન શક કરી શકે છે કે કુરઆન નાઝીલ થવામાં ડુંગરો કટકે કટકા થતા નથી ? બીલકુલ નહીં.

કોઇ એવો કલમો પડનાર મુસલમાન નહીં હોય. આમાં શક કરશે તો પછી તે મુસલમાન રહેશે નહીં; એવો મુસલમાન ઇસલામના દાએરા " **cercle** " ની બહાર નીકળી જશે. હવે તમેજ ફેસલો કરી લ્યો કે જયારે કુરઆને સામીત, એટલે અબોલ કુરઆન, ચુપ કિતાબ, અગર ડુંગરો ઉપર ઉતરે તો ડુંગર પોતાની જગ્યાપર બાકી ના રહે, તેના ભૂકકા થઇ જાય, તો પછી કુરઆને નાતિક, એટલે બોલતું કુરઆન કે જે ઈમામ છે, તે અગર કાઅબાની અંદર પયદા થાય અને કાઅબાની ભીત ફાટી જાય તો એમાં કઇ શક કરવાની વાત છે!! (સલવાત)

બસ, અઝીઝાને મોહતરમ, એજ પવિત્ર કિતાબ, મુકદદસ કુરઆનની અંદર, સુરએ અશ-શુરાની ત્રેવીસમી આયત કે જેની, આ મજલિસની શરૂઆતમાં, આપની સામે, તિલાવત કરવાનો મને શરફ નસીબ થયો , તેમાં અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા ફરમાવી રહ્યો છે કે : *(અય રસુલ!)તું કહીદે કે,આ (રિસાલતની તબલીગના) બદલામાં, મારી એહલેબયત (મારા નજીકના સગાહવહાલાઓ)ની મોહબ્બત સિવાય હું તમારાથી કાંઇ ચાહતો નથી.* (સલવાત)

મોહીબ્બાને એહલેબયત! આ મુબારક આયત નાઝીલ થવા વિશે એક રીવાયતથી એમ પણ સાબીત છે કે, એક દિવસ, હ૦ રસુલે ખુદા સ૦ મે ફરમાવ્યું કે, અલ્લાહ તમારા ઉપર એક ફરજ રજુ કરે છે. શું તમે તેને પુરી કરશો ? લોકો ચુપચાપ બેઠા રહયા. કોઇએ ના સવાલ કર્યો, ના પયગમ્બરની વાતનો જવાબ આપ્યો. આપ હઝરત બીજા દિવસે પણ એજ વાત કહી. લોકો ત્યારે એવીજ શાંતિ અપનાવી. ત્રીજો દિવસ થયો, પયગમ્બરે ફરી એજ બાબતની ચર્ચા કરી. લોકોની અંદર પાછી શાંતિ છવાઇ ગઇ. તે વખતે હ૦ નબીએ કરીમ સ૦મે અરજ કરી કે, હું તમારી પાસે કાંઇ સોના-ચાંદી અથવા ખાવા-પીવાની ચીજ માંગતો નથી. ત્યારે લોકોના મોઢામાં જીભ આવી અને ઠંડો સુવાસ લઇને બોલ્યા કે, યા રસુલલ્લાહ! ફરમાવો, આપ શું કહેવા ચાહો છો? તે વખતે, આપ આયએ મોવદદતની તિલાવત કરી કે જે આજ મેં આ તકરીરનું સરનામું બનાવી, હ૦ એહલેબયતે રસુલ સ૦ ની ખુશી હાંસીલ કરવાની ઉમેદ રાખું છું.

માણસોએ તે વખતે સવાલ કર્યો કેઃ યા રસુલલ્લાહ ! તે આપના કુરબા કોણ લોકો છે કે જેમની મોહબ્બત અલ્લાહે અમારાપર વાજીબ કરી છે ? હ૦ રસુલે અકરમ સ૦ મે જવાબમાં કહયું કેઃ તે અલી, ફાતેમા, હસન અને હુસયન અલયહે મુસ્સલામ છે (સલવાત).

આ મુબારક આયત, ગમે તે વખતે, નાઝીલ થઇ હોય, પણ અગર કોઇ એમ ચાહે કે એહલેબયત અ૦મુ૦ની મોહબ્બત વિના, તે જન્નતમાં ચાલ્યો જશે, તો તેવું કદી બનશે નહીં. ઈન્સાન ગમે એટલી ઇબાદત કરે, પણ એહલેબયતની દોસ્તી વગર, તે બધી નકકામી છે.

મોઅમેનીને કીરામ! આ પંજેતને પાક કે જેમને એહલેબયતે રસુલ અથવા એહલુલ કીસાઅ કહેવામાં આવે છે, તેમાં એક હસ્તીનું નામ છે : હુસયન અ૦ કે જેમના માટે અલ્લાહના માનવંતા નબીએ ફરમાવ્યું છે કે : **હુસયનુમ્મ મીન્ની વ અના મીનલ હુસયન :** *હુસયન મારાથી છે અને હું હુસયનથી છું .* હ૦ અલ્લાહના રસુલ તો માઅસુમ, ગુનાહોથી બીલકુલ પાક-પાકીઝા છે. હવે વિચાર કરો કે જે રસુલથી હુસયન હોય અને જે હુસયનથી રસુલ પોતે હોય, તો હુસયન કેવા હશે? આથી સાબીત થયું કે હુસયન પણ માઅસુમ, ગુનાહોથી બીલકુલ પવિત્ર છે (સલવાત).

ખુદાવંદે કરીમ, કુરઆનની અંદર, સુરએ આલે ઈમરાનની આયત નંબર એકસો ચુમાલીસમાં, ફરમાવે છે કેઃ **વમા મુહમ્મદુન ઈલ્લા રસુલ :** *અને મોહમ્મદ નથી, સિવાય રસુલ.* . આનો મતલબ એમ થયો કે, અગર હ૦ મોહમ્મદ સ૦ની ઝીંદગીમાંથી રીસાલતને કાઢી નાખવામાં આવે તો કાંઇ બાકી રહે નહીં. કરબલાના કરૂણ બનાવ અગાઉ, પયગમ્બરની રીસાલત ખત્મ થવા આવી હતી. ઈમામ હુસયન અ૦, પોતાના દોસ્તો અને પુરા ઘરને કુરબાન કરી, કયામત સુધી, આ રીસાલતને ઝીંદગી આપી, આ નબુવ્વતમાં રૂહ ફુંકી, બાકી રાખી ગયા! ઈમામ હુસયન અ૦થી આ દીનની ખીદમત અંજામ પામવાની હતી, જેથી હ૦ પયગમ્બરે ફરમાવ્યું કેઃ

વ અના મીનલ હુસયન, *હું પણ હુસયનથી છું.* (સલવાત).

આપણા છઠ્ઠા ઈમામ, હ૦ જાઅફરે સાદીક અ૦ ફરમાવે છે કે : **મન બકા અલલ હુસયન, અવ અબકા, અવ તબાકા, વજેબત લહુલ જન્નહ :** *જે માણસ ઈમામ હુસયન અ૦ ઉપર રોય, અથવા રોવડાવે, અથવા રોવા જેવી સુરત બનાવે, તેના માટે જન્નત વાજીબ છે.*

બીજી એક હદીસમાં, એજ ઈમામથી વારીદ થયું છે કે : *જે માણસ ઈમામ હુસયન અ૦ની મુસીબતો ઉપર આંસુનું એક ટીપું વહાવશે, ભલે પછી તે માખીના પાંખ જેટલું કેમ ન હોય, અલ્લાહ તેના તમામ ગુનાહોને માફ કરી આપશે, ભલે તે દરીયાના ફીણ જેટલા હોય.*

ઇ૦ હુસયન અ૦ પોતે, પોતા માટે કહે છે કેઃ *હું તે શહીદ છું કે જેનાપર રોવાવાળાના આંસુઓ કદી સુકાતા નથી. કોઈ મોઅમીન એવો નથી કે જે મને યાદ કરે અને રડે નહીં.*

શા માટે ઇ૦ હુસયન અ૦ ઉપર રોવામાં ન આવે જયારે કે, કરબલાના ગમનાક બનાવ વખતે, આસમાનો-ઝમીન તેમનાપર રડયા છે? શું આપના દિલ પથ્થર કરતાં પણ વધારે કઠણ છે?

રિવાયતમાં આવ્યું છે કે : દરેક *ચીજ હ૦ ઇ૦ હુસયન અ૦ ઉપર રોઇ હતી, જંગલી જાનવરો અને રણના હયવાનો, દરિયાની માછલીઓ અને હવામાં ઉડતા પંખીઓ. ચાંદ-સુરજ અને સીતારાઓ, આસમાનો-ઝમીન, ઇમાનદાર ઇન્સાનો અને જીન્નાતો, આસમાનો-ઝમીનના ફરીશતાઓ, સર્વે તેમનાપર રડયા છે. ખુન અને માટી આસમાનથી રોઇને વરસતાં હતા.*

હા, અઝાદારો! આ દિવસો રોવાના છે તેમજ જ૦ માઅસુમાહ અ૦ને પુરસો આપવાના છે. આવો, આજ તમને હું એક ચાર વરસની બચ્ચીની કહાણી સંભળાવવું. શબે આશુર છે. જયારે ઇ૦ હુસયન અ૦, અર્ધી રાતના, પોતાના ખયમામાંથી નીકળી, એહલેબયતના ખયમા તરફ રવાના થવા લાગ્યા ત્યારે એક નાની બચ્ચી ખયમાના પડદાને પકડી ઉભી છે. ઇમામે પુછયું કેઃ સકીના બેટી! કેમ નીંદ નથી આવતી? શું બાબત છે કે રાત પુરી થઇ રહી છે અને તું હજીંણ સુધી અહીં ઉભી છે? જ૦ સકીના આગળ વધ્યા, બાપના કદમોમાં લીપટી ગયા અને બોલ્યા કેઃ બાબા! મને એટલી તરસ લાગી છે કે નીંદ નથી આવતી. શું બાબા, તમે મને પાણી આપી શકસો? ઇમામે જવાબ આપ્યો કેઃ તું તારી માં પાસે ચાલી જા, કદાચ તારી અમ્માં અલીઅસગર માટે પાણી રાખ્યું હોય અને તને તેમાંથી થોડું મલી જાય! એક વખત તો જ૦ સકીના બાપ પાસેથી નીકળીને, તે ખયમામાં ગયા કે જયાં જ૦ રબાબ ઝુલો ઝુલાવીને અલીઅસગરને સુવડાવી રહયા હતા. અય માં ! અગર તમે મારા નાના ભાઇ અલીઅસગર માટે થોડું પાણી રાખ્યું હોય તો મને તેમાંથી થોડું પીવડાવસો, મારૂં કલેજું ફાટી રહયું છે.

જ૦ રબાબ દિકરીનો અવાજ સાંભળી, તેને ગોદમાં લઇ લીધા અને કહયું કે : સકીના ! જરા તું તારા ભાઇની તરફ નજર કર કે અલીઅસગર ઝુલાની અંદર પ્યાસથી બેતાબ થઇ, તરફળી રહયો છે. અગર મારી પાસે પાણી હોત તો હું તને જરૂર પીવડાવતે!

જ૦ સકીના માંનો જવાબ સાંભળી પાછા આવ્યા અને બાપની સામે ઉભા રહી ગયા : બાબા! હું સમજી ગઇ ! ઇમામે પુછયું કેઃ બેટી, શું બાબત છે? બાબા, શું તમે મને એટલા માટે અસગરની પાસે મોકલ્યા હતા કે જેથી મને યકીન થઇ જાય કે મારો નાનો ભાઇ પણ, મારી જેમ પ્યાસો છે! બાબા, હવે હું કદી પાણીની માંગણી કરીશ નહીં. હવે જયારે મને ખાત્રી થઇ ગઇ કે મારા નાનો ભાઇ પણ પાણી વગરનો પ્યાસો છે, બાબા! હવે હું પાણીનો સવાલ નહીં કરૂં, ભલે પછી મને મોત કેમ ન આવી જાય ! **ઇન્ના લીલ્લાહી વ ઇન્ના ઇલયહી રાજીઉન**

અલા લાઅનતુલ્લાહી અલલ કવમીઝ ઝાલીમીન

મજલિસ ૭ મી

સલ્લલ્લાહો અલયક યા મૌલા, યા અબા અબ્દીલ્લાહ,
સલ્લલ્લાહો અલયક યબ્ન રસુલીલ્લાહ,
વ અલલ મુસ્તશ - હે દીના મઅક,
યા લય-તની કુન્તો માઅકુમ, ફ અફુઝો ફવઝન અઝીમા.
(સલવાત)

بِسْمِ اللّٰهِ الرَّحْمَنِ الرَّحِيمِ

إِن تَجْتَنِبُواْ كَبَآئِرَ مَا تُنْهَوْنَ عَنْهُ نُكَفِّرْ عَنكُمْ سَيِّئَاتِكُمْ وَنُدْخِلْكُم مُّدْخَلاً كَرِيمًا

મોહતરમ હાજરીને મજલિસ! શરીઅતે ઈસ્લામમાં ગુનાહો, એટલે ખરાબ કામ, અથવા એવા કામ કે જેનાથી અલ્લાહની નાફરમાની થતી હોય, અથવા જેનાથી અલ્લાહ નારાજ થતો હોય, તે બે પ્રકારના છેઃ એમાંથી કુરઆને એક પ્રકારના ગુનાહનું નામ **કબીરા** રાખેલ છે એટલે મોટા ગુનાહ અને બીજા પ્રકાર**નું સય્યેઆહ** એટલે નાના ગુનાહ, જેવું કે મજકુર આયત કે જે મેં તમારી સામે તિલાવત કરી અને જેનાથી આજની આ તકરીરને મેં ઉઘાડી મુકી છે, તેનાથી સાબીત થાય છે. તે સુરએ નિસાઅની એકત્રીસમી આયત છે, જેની અંદર અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાનો ઈરશાદ થઈ રહયો છે કેઃ ***જો તમે કબીરા (મોટા) ગુનાહોથી જેની તમને મના કરવામાં આવી છે, તેનાથી બચશો તો અમે તમારા નાના નાના ગુનાહોને ઢાંકી દેશું અને તમને બહુજ ઉમદા અને સારી જગ્યા ઈનાયત કરશું.***

હ૦ એહલેબયત અલયહે મુસ્સલામની હદીસોમાં છે કેઃ *ગુનાહે કબીરા (મોટા ગુનાહો) એ છે કે જેમના માટે ખુદાવંદે આલમે આગની સજા નકકી કરેલ છે.*

અમુક રિવાયતો અનુસાર મોટા ગુનાહોની સંખ્યા સીતેર સુધી બતાવવામાં આવી છે.

ગુનાહે સગીરા (નાના ગુનાહો) એક હદ સુધી ગુનાહે સગીરા રહે છે, જયાં સુધી તેને વારંવાર કરવામાં ન આવે, એને હલકા સમજવામાં ન આવે.

છઠ્ઠા ઇમામ અ૦ ફરમાવે છે કે : *વારંવાર કરવાથી કોઇ પણ ગુનાહ નાનો નથી રહેતો.* અને હ૦ અમીરૂલ મોઅમેનીન અ૦ નહજુલ બલાગાહમાં કહે છે કેઃ *સૌથી મોટો (ગંભીર) ગુનાહ તે છે, જેનો કરવાવાળો તેને તુચ્છ અને હલકો સમજતો હોય.*

બે માણસો આપણા છઠ્ઠા ઇમામ અ૦ સામે હાજર થયા અને કહેવા લાગ્યા કેઃ અમને અમારા ગુનાહોની તવબા કરવી છે. પહેલાએ કહયું કે મેં ઘણા નાના નાના ગુનાહો કર્યા છે કે જેની સંખ્યા મને યાદ નથી. બીજાએ કહયું કે મેં ફકત બેજ ગુનાહો કર્યા છે, પણ તે મોટા ગુનાહો છે. ઇમામે જવાબમાં પહેલા માણસને ફરમાવ્યું કેઃ તારા દરેક નાના નાના ગુનાહો જે તને યાદ હોય, તેની બદલીમાં એક એક કાંકરી-નાનું પથ્થર લઇ આવ અને બીજાને હુકમ આપ્યો કે તે પોતાના બે ગુનાહે કબીરાના બદલામાં બે મોટા પથ્થર લઇ આવે.

થોડો ટાઇમ પસાર થયો અને આ બે માણસો, ઇમામના હુકમ મુતાબીક, પથ્થરો લઇને હાજર થયા. મૌલાએ તેમને ફરમાવ્યું કેઃ હવે આ પથ્થરો જયાંથી તમે લાવ્યા છો ત્યાં પાછા, તેમની સહીહ જગ્યાએ, રાખી આવો. જે ભાઇએ બે મોટા પથ્થરો લઇ આવ્યો હતો, તેને તો પરસેવો છુટવા લાગ્યો; તે ઘણી મુશકેલીએ, અને તકલીફથી પોતાના બે પથ્થરો તેમની જગ્યાએ પહોંચાડી આપ્યો. પરંતુ, જે ભાઇએ નાની-નાની કાંકરીઓ સહેલાઇથી ઉપાડી લાવ્યો હતો, તે હયરાન થઇ ગયો અને તેને ખબર પડતી નહી કે કેમ કરવું , કારણકે હવે તેને યાદ ન હતું કે કઇ જગ્યાએથી તે બધા પથ્થરોને પોતે ઉઠાવી લાવ્યો હતો.

આ રિવાયતનો ટુંકમાં સાર એ નીકળે છે, જેમકે મૌલા અલી અ૦મે ફરમાવ્યું છે કે : *અલ્લાહની નજરમાં સૌથી મોટો ગુનાહ એ છે, જે ગુનાહ કરનાર તેને વારંવાર કર્યા કરે.*

આ સંબંધમાં, છઠ્ઠા ઇમામ અ૦ની હદીસ છે કેઃ ખુદાનો કોઇ એવો બંદો નથી, જેના દિલમાં સફેદ ટપકું **„ point blanc“** ના હોય. જયારે તે ગુનાહ કરે છે ત્યારે તે સફેદ ટપકામાંથી કાળું ટપકું **„ point noir „** નીકળી આવે છે. જો તે બંદો તવબા કરી લીએ તા ટપકાની કાળાશ નીકળી જાય છે. પણ, જો તે ગુનાહો કરવામાં ડુબેલો રહે, તો દિલના તે ટપકાની કાળાશ એટલી વધી જાય છે કે તે સફેદ ટપકુ પુરેપુરૂં કાળાશથી ઘેરાઇ જાય છે અને એવા કાળા ટપકાવાળા દિલનો માણસ કયારેય ભલાઇ તરફ વળી શકતો નથી.

આ બધી હદીસોનો ટુંકમાં ખુલાસો એ કેઃ તમામ ગુનાહોથી ઇમામે ડરવાનો હુકમ આપ્યો છે, કારણ કે દરેક ગુનાહની સાથે એવો શક જરૂર રહે છે કે તે ગુનાહ માફ થશે કે નહીં , ભલે પછી તે ગુનોહ મોટો હોય કે નાનો હોય !

બીહારૂલ અનવારમાં જનાબે અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસથી રિવાયત છે, જે હ૦ રસુલે ખુદા સ૦થી નોંધી છે : *હ૦ અલી અ૦ની મોહબ્બત ગુનાહોને એવી રીતે સળગાવી દીએ છે જેવી રીતે આગ લાકડાને સળગાવી દીએ છે.*

મોઅમેનીન! મારા મૌલાનું નામ લેતાં, મને કુફામાં આપની ખીલાફતનો ઝમાનો યાદ આવી ગયો. ત્યાં કમર નામની એક મોઅમેનાહ, જ૦ અબ્દુલ્લાહ કલ્બીની બીબી રહેતી હતી, જેમને ઝાલીમોએ, હ૦ અલી અ૦ ની મોહબ્બતના કારણે, શહીદ કરી દીધી અને મૌલાની દુઆથી પાછી સજીવન થઇ. તેમની આ બીજી ઝીંદગીમાં એક દીકરો થયો, જેમનું નામ વહબ રાખવામાં આવ્યું અને તે એજ વહબ ઇબ્ને અબ્દુલ્લાહે કલ્બી છે કે જેમની શાદી થયે, ફકત સત્તર દિવસો થયા હતા અને આ દુલ્હાએ, કરબલામાં, રોઝે આશુરા, ઇ૦ હુસયન અ૦ ઉપર પોતાની જાન કુરબાન કરી આપી.

જયારે વહબ ઇબ્ને અબ્દુલ્લાહે કલ્બી, જેહાદ માટે, હ૦ ઇ૦ હુસયન અ૦થી રૂખસત થવા આવ્યા, ત્યારે તેમની માં સામે ઉભી હતી અને કહયું કેઃ અય મારા બેટા! ઉઠ અને ફરઝંદે રસુલની મદદ કર! દીકરાએ જવાબ આપ્યો કેઃ અય માં! ફરઝંદે રસુલની મદદ કરવામાં હું બીલકુલ બેપરવાહ નહીં રહું અને તમારા હુકમ મુજબ, હું મારી જાન તેમના ઉપર ફીદા કરીશ. ઇમામથી રજા લઇને વહબ મયદાનમાં આવ્યા, પોતાની ઓળખાણ આપી અને શેરની જેમ દુશમનોપર હુમલો કર્યો. ઘણા માણસોને જહન્નમ વાસીલ કર્યા.

તે પછી, વહબ પાછા તેમની માદરે ગીરામી પાસે આવ્યા કેઃ અય અમ્માં ! હવે તું મારાથી રાજી થઇ ? સુબ્હાનલ્લાહ! કુરબાનીનો કેવો જઝબો હતો કે કમર મોઅમેનાએ જવાબ આપ્યો કેઃ બેટા! ખુદાની કસમ! હું હરગીઝ રાજી થઇશ નહીં, જયાં સુધી કે તું ઇમામની મદદમાં કત્લ ન થઇ જાય!

તે વખતે, નવી દુલ્હન, વહબની બીબી, બોલી કેઃ અય મારા શવહર! તું મને તારો દાગ દેખાડજે નહીં! માંએ કહયું કેઃ અય ફરઝંદ! તું બીલકુલ તેની વાત ઉપર ચાલીશ નહી અને તારી જાન જરૂર ઇમામ ઉપર ફીદા કરીશ, કે જેથી, રોઝે કયામત, તે તારી શફાઅત કરે! બીબીએ ખુશીની સાથ રજા આપી, પણ કહયું કે તમે મારા માટે ઇમામની સામે વાયદો કરો.

બન્ને દુલ્હા-દુલ્હન ઇમામની સામે હાજર થયા. બીબીએ ફરમાવ્યું કેઃ અય આકા! મારી બે હાજતો છેઃ એક તો એ કે જયારે મારા શવહર શહીદ થઇને જન્નતમાં પહોંચી જાય, તો તમને જામીન બનાવીને, તમારી સામે ઇકરાર કરે, કે ત્યાં મને ભુલી ન જાય. બીજું એ કે જયારે મારા શવહર શહીદ થઇ જાય તો આ જંગલમાં મારૂં કોઇ નથી, જેથી મારી ઉમેદ છે કે મૌલા, મને, પોતાની એહલેબયતમાં, સોંપી આપસો, જેના સદકામાં મારી ઇઝઝત - આબરૂ હીફાઝતમાં રહે.

વહબ મયદાનમાં આવ્યા અને જમણા હાથે લડવા લાગ્યા એટલે સુધી કે તેમનો આ હાથ કપાઇ ગયો. ડાબા હાથમાં તલવાર ઉઠાવીને લડવા લાગ્યા, તે હાથ પણ કપાઇ ગયો. તેમની ઝવજા આ જોઇને તંબુનો એક ધોકો લઇને દોડી અને મયદાનમાં આવીને પોકારી કેઃ અય વહબ! ખુબ જેહાદ કરો અને હરમે રસુલે ખુદાનો દુશમનોથી બચાવ કરો!

જનાબે વહબે પુછયું કેઃ શું બાબત છે કે પહેલાં તો તું મને મના કરતી હતી અને હવે તું મને જોશ અપાવે છે ? જવાબ આપ્યો કેઃ શું પુછો છો ? અરે આલે રસુલ ખયમાંની અંદર રોઇ રહી છે અને ફરીયાદ કરી રહી છે તો, તેમની પછી, આ દુનિયાની ઝી ંદગીમાં, કોઇ મજાહ નથી. હું પણ જેહાદ કરવા ચાહું છું કે જેથી મારી જાનને એહલેબયતે રસુલ ઉપર કુરબાન કરૂં.

વહબે કહયું કે તું પાછી ચાલી જા, ઓરત ઉપર જીહાદ વાજીબ નથી. તે મોઅમેનાહ મયદાનથી પાછી ચાલી જવાને તૈયાર ન થઇ, એટલે વહબે ઇમામને ફરિયાદ કરી. મૌલાએ કહયું કેઃ અય કનીઝે ખુદા! અલ્લાહ તમને સર્વેને, અમે એહલેબયત તરફથી, જઝાએ ખયર આપે! તમે પાછા ખયમામાં ચાલ્યા જાઓ, ઓરતો ઉપર જીહાદ વાજીબ નથી. વહબની બીબી ખયમામાં પહોંચી અને અહી ં ઝાલીમોએ વહબને શહીદ કરી દીધા. આ જોઇને વહબની બીબી પાછી મયદાન તરફ દોડી અને પોતાનું મોઢું વહબના મોઢા ઉપર રાખી બહુજ રડવા લાગી અને પોતાના શવહરના લોહીથી રંગાએલા ચહેરાને સાફ કરવા લાગી. શીમ્ર ના હુકમથી એક ઝાલીમે બીબીના માથાપર એવો ઘા માર્યો કે ઝવજએ વહબ ત્યાંજ શહીદ થઇ ગઇ. આ પહેલી ઓરત છે જે ઇ૦ હુસયન અ૦ ના લશકરમાં શહીદ કરવામાં આવી. તે પછી, વહબનું માથું કાપવામાં આવ્યું અને લશકરે હુસયન અ૦ની તરફ ફેકવામાં આવ્યું.

માં દોડીને તે સર ઉઠાવી લીધી અને તેના મોઢાપર પોતાનું મોઢું રાખીને કહેવા લાગી કેઃ અય મારા ફરઝંદ! તારી સુરત ઉપર તારી માં સદકે જાય! તેં મારી ઇઝઝત રાખી લીધી, અલ્લાહ તને ખુશ કરે! એમ કહીને તે માથું દુશમનની તરફ પાછું ફેંકી દીધું કેઃ અય ઝાલીમો! જે ચીજ અમે રાહે ખુદામાં આપીએ છીએ, તેને અમે પાછા લેતા નથી!

અલા લાઅનતુલ્લાહે અલલ કવમીઝઝાલેમીન

મજલિસ ૮ મી

સલ્લલ્લાહો અલયક યા મૌલા, યા અબા અબ્દીલ્લાહ,
સલ્લલ્લાહો અલયક યબ્ન રસુલીલ્લાહ,
વ અલલ મુસ્તશ-હે દીના મઅક,
યા લયતની કુન્તો માઅકુમ, ફ અફુઝો ફવઝન અઝીમા.
- સલવાત -

بِسْمِ اللّٰهِ الرَّحْمَنِ الرَّحِيمِ
وَيَخِرُّونَ لِلأَذْقَانِ يَبْكُونَ وَيَزِيدُهُمْ خُشُوعًا

અઝીઝાને મોહતરમ! આપણે આજ આ મજલિસ બરપા કરી, તેમાં ભેગા થયા છીએ, તે આપણા અઈમ્માહ અ૦મુ૦ કે જેઓ આપણા રહેબર, આપણા રસ્તો બતાડનાર છે, તેમની આ સુન્નત છે કે જે આપણે સાથે મળીને અદા કરી રહ્યા છીએ. તે કરબલાના કરૂણ ઈતિહાસને તાજો કરે છે, આપણને ઈન્સાનિયત “ **HUMANITE** “ ના અમૂલ્ય પાઠનો સબક આપે છે, જેવાં કે : બહાદુરી, વફાદારી, કુરબાની, મોહબ્બત, ઈઝઝત, આબરૂ, સબ્ર, સચ્ચાઇ, ઈમાનદારી, વગેરે...

જેવી રીતે મકકા શરીફના રણ **“Désert“** માં, હ૦ ઈબ્રાહીમ ખલીલુલ્લાહના માઅસુમ બાળક અને અલ્લાહના નબી, હ૦ ઈસમાઈલના પગ મુબારક નિચે ઝમ ઝમ નું પાણી જાહેર થઈ, આજ પાંચ હજાર વરસ થયા, નીકળી રહ્યું છે, કદી સુકાતુંજ નથી, એજ પ્રમાણે, જ૦ ઝયનબ અલયહાસલામના આંખ્યો મુબારકથી, યઝીદ મલઉનની કયદમાં, પડેલાં આંસુઓની આ અસર છે કે, જે આ મજલિસને ઝી ંદગી આપી રહી છે. આ મજલિસ આપણા માટે અલ્લાહની રહેમત અને બરકત છે, આપણી નજાત-છુટકારાનું કારણ છે, આપણી હયાત છે.

મોહતરમ હાજરીને મજલિસ! આપની સમક્ષ, કુરઆને મજીદની જે મુબારક આયતની મેં તિલાવત કરી, તે સુરએ બની ઈસરાઈલની એકસો નવ નંબરની આયત હતી. મજકુર આયત તે લોકો તરફ ઈશારો છે, જેઓને આસમાની કિતાબોનું ઈલ્મ મળી ચુકયું છે.

જયારે આ કુરઆન તેમની સામે પડવામાં આવે છે ત્યારે તરતજ તેમનું કપાડ અહીં ઝમીનની માટી ઉપર પડે છે અને વહાં આસમાનપર તેમની શાન મેઅરાજ ઉપર પહોંચે છે.

આ તરફ, ઝમીન આંસુઓથી ભીની થતી જાય છે અને તે તરફ, ખુદા પોતે, ફરીશતાઓની વચ્ચે, તેમના વખાણ કરતો જાય છે. હું ચાહું છું કે વસીએ એહમદે મુખતાર, શેરે કીરદીગાર, હયદરે કર્રાર, કસીમુલ જન્નતે વન્નાર, હસનો-હુસયનના પિદરે નામદાર, હ૦ અલી અ૦ નો એક વાકેઓ તમને સંભળાવવું, પણ ઉમેદ છે કે પહેલે તમે બુલંદ આવાજથી એક દુરૂદ પડશો (સલવાત).

તે રિવાયત આપની સામે વિગતવાર બયાન કરૂં, આની પહેલાં હું ચાહું છું કે જે મુબારક કલામે ઇલાહીથી આ મજલિસની શરૂઆત કરવામાં આવી છે, તેનો તરજુમો આપને પેશ કરી આપું. અલ્લાહ તઆલા વ સુબ્હાનહુનો, પોતાની પાકો પાકીઝા કિતાબની અંદર ઇરશાદ થઇ રહ્યો છે કેઃ *અને તે લોકો (સજદા માટે), મોઢાભર પડી જાય છે અને રોતા જાય છે અને (આ કુરઆન) તેમની નમ્રતા-ખાકસારી* ***(HUMILITE)*** *ને વધુ વધારતો જાય છે. (સલવાત).*

મોઅમેનીન! અબુ દરદા અનસારી નકલ કરે છે કે : એક વખત, પાછલી રાતના, હું મસ્જીદે નબવીની બાજુમાં પસાર થયો તો મેં શું જોયું કે અંદરમાં, એક નાનો દીવો સળગી રહ્યો છે અને મારા મૌલા અલી ઇબ્ને અબી તાલીબ અ૦ મુનાજાતમાં મશગુલ છે. ઇમામ બેઠા છે, બન્ને હાથો આસમાન તરફ ઉંચા કરી, અલ્લાહની બારગાહમાં રોઇ રોઇને અરજ કરી રહ્યા છેઃ ઇલાહી! કેટલી એવી મુસીબતો છે કે જે મારા તરફ આવી રહી હતી, પરંતુ, તેં તારી રહેમતથી, તેને મારાથી દુર કરી દીધી! અય અલ્લાહ! કેટલા એવા ગુનાહ છે કે જેની અંદર હું મશગુલ થઇ જાત, પરંતુ તારા કરમના કારણે હું તેનાથી બચી ગયો! ઇલાહી! હું કબુલ કરૂં છું કે મેં મારી ઉમ્રને તારી નાફરમાની કરવામાં ગુજારી; હું કબુલ કરૂં છું કે મારૂં અમલનામું ગુનાહોથી ભરેલું છે; પરંતુ, બારે ઇલાહા! હું મારા ગુનાહોની માફી ચાહું છું અને તારી રઝામંદી તથા તારી ખુશી સિવાય હું તારાથી કાંઇ ચાહતો નથી. અબુ દરદા કહે છે કે તે બાદ, મારા મૌલા ઉભા થયા અને બે રકાત નમાઝ પડી. નમાઝ ખત્મ થઇ અને આપની આંખ્યો આંસુઓથી ભરાઇ ગઇ. હાથોને ઉંચા કરી ફરમાવવા લાગ્યા : અય અલ્લાહ! જયારે હું તારી બક્ષિશ અને બહુજ મોટી રહેમતને જોઉં છું તો મારા ગુનાહો મને બીલકુલ થોડા, હકીર અને કાંઇ ન હોય તેવા લાગે છે! પણ, યા અલ્લાહ! જયારે હું તારા ભારે અઝાબને, તારી મજબુત પકડને, તારા હિસાબો-કિતાબને જોઉં છું તો મારા ગુનાહો મને બહુજ મોટા અને ઘણા દેખાય છે!

અબુ દરદાનું કહેવું છે કે તે બાદ, મેં જોયું કે મારા મૌલાએ પોતાની દાઢી મુબારકને પોતાના હાથોથી પકડી અને આસમાન તરફ જોઇને કહેવા લાગ્યા : યા અલ્લાહ! મેં આસમાની કિતાબોની અંદર વાંચ્યું છે કે તું દરેક ગુનેહગારને પકડીશ.

અફસોસ છે તે માણસની હાલત ઉપર કે જેને તું પકડે, કારણકે જે તારી કયદમાં આવી જાય, તેને, ન તો તેનું ખાનદાન બચાવી શકે છે, ન તો તેનો કબીલો ! ચારે તરફ તેના માટે મુસીબતો અને મુસીબતોજ ફેલાએલી હશે !

અબુ દરદાનું બયાન છે કે તે બાદ, મેં જોયું કે મારા મૌલાએ, એમ કહીને, પોતાના ગાલોને પોતાના હાથોથી પીટવા લાગ્યા કેઃ ખુદાવંદા! આહ! આહ! તે આગથી કે જે કલેજા અને ગુરદાને બાળી નાંખશે! ખુદાવંદા! તું મને તારી પનાહમાં રાખ તે આગથી કે જે ચહેરાને સળગાવી દેશે! અને તે પછી મારા મૌલા ઝમીનપર પડી ગયા! મેં જયારે ઇમામને પડતા જોયા ત્યારે હું તેમની બાજુમાં આવ્યો અને તપાસ કરતાં, એમ માઅલુમ પડયું કે મૌલાના હાથ-પગ બીલકુલ અકળાઇ ગયા છે! હું તરતજ હઝરતે ફાતેમાહ અ૦ ના ઘર તરફ દાડયો કે જેથી જનાબે માઅસુમાને તેમના શવહરની વફાતના સમાચાર આપું. જયારે હું ઘર નજદીક પહોંચ્યો તો અંદરથી મને જ૦ ફાતેમાહ અ૦ની દુઆઓ- મુનાજાત અને રોવાનો અવાજ આવ્યો. બહાર એકદમ ઠંડી પડી રહી હતી. મેં દરવાજાને ખટખટાવ્યો. જ૦ સય્યદાએ પુછયું કે કોણ છે ? મેં મારી ઓળખાણ આપી. આપ મને આવવાનું કારણ પુછયું. મેં બતાવ્યું કેઃ અય બીન્તે રસુલ! આપના શવહર મસ્જીદે નબવીમાં ગુજરી ગયા છે. હું તેમને એ હાલતમાં છોડીને આવું છું કે તેમના હાથ-પગ બીલકુલ અકડાઇ ગયા છે. અંદરથી અવાજ આવ્યો કેઃ અય અબુ દરદા અનસારી! ગભરાવવાની કોઈ વાત નથી. ખૌફે ઇલાહીમાં અબુલ હસનની દરરોજ આ હાલત બને છે.તમારા મૌલા દુનિયાથી સીધાવી ગયા નથી.તેઓ ઇબાદતમાં મશગુલ છે.

અબુ દરદા ફરમાવે છે કે હું પાછો મસ્જીદમાં પહોંચ્યો. મૌલાને મેં તેજ હાલતમાં જોયા. હવે નમાઝે સુબ્હનો ટાઇમ બાજુમાં હતો. મેં ઇમામના ચહેરાપર પાણી છાંટયું અને તેમને હોશમાં લાવ્યા. જાગવાની સાથેજ, આંખોમાંથી આંસુ ટપકવા લાગ્યા. તેમને રોતા જોઇ, હું પણ રોવા લાગ્યો. હવે મૌલાના કલામ સાંભળોઃ આપે ફરમાવ્યું કે અય અબુ દરદા અનસારી! તમે મને જોઇને રડો છો અને અજબ થાવ છો. તમને ખબર નથી કે મને એક દિવસ મારા ખુદાની પાસે જાવું પડશે. હિસાબો-કિતાબ માટે તે દિવસ બહુજ સખ્ત હશે. ચારે તરફથી જહન્નમની આગ મને ઘેરી રાખી હશે અને મહાન ખુદાએ જબ્બારની સામે મને એક-એક પાઇનો હિસાબ દેવાનો રહેશે.

મોઅમેનીન! હ૦ અલી અ૦, આયતે તતહીરવાળાઓમાંથી એક છે, માઅસુમ અને પાક-પાકીઝા હસ્તી છે; છતાં પણ, આપ લોકોએ બરાબર સાંભળ્યું કે અલ્લાહની બારગાહમાં, આપણી તાઇલીમ માટે, કેવા શબ્દો પેશ કરી રહ્યા છે!

કેવી રીતે રોઇ રહ્યા છે! કેવી રીતે કરગરી રહ્યા છે! આજ તેઓ મસ્જીદમાં છે અને માહે રમઝાનની ઓગણીસમી રાતના પણ આપ મસ્જીદમાં હતા. પરંતુ, આ બે રાતોની અંદર ઘણો ફેર છે.

જયારે જનાબે ઉમ્મે કુલસુમે, તેમના બાબાની પરેશાની ભરી હાલત જોઇને સવાલ કર્યો, તો ઇમામે ફરમાવ્યું કેઃ બેટી! તારા બાબાએ મોટી મોટી લડાઇયો કરી છે, મશહુર બહાદુરો સામે તલવાર ચલાવી છે, કદી તારો બાપ ડર્યો નથી.

પણ, દીકરી! આજની રાત કાંઇ એવીજ છે કે મારૂં દિલ બેચયન થઇ રહ્યું છે. **ઇન્ના લીલ્લાહી વ ઇન્ના ઇલયહી રાજીઉન.**

અઝાદારાને ઇમામે મઝલુમ! માહે રમઝાનની એકવીસમી તારીખ હતી. ઈમામે હુસયન અ૦ ઘરના એક ખુણામાં એવી રીતે રોઇ રહ્યા હતા કે તેમની આંખો ઝખમી લાગતી હતી. મૌલાએ ઈમામે હસન અ૦ને ફરમાવ્યું કે તેમના નાના ભાઇને બોલાવે. ઈમામ હુસયન અ૦ આવ્યા. મૌલાએ તેમને છાતી સાથે ચાંપીને પુછયું કેઃ બેટા! તું શા માટે આવી રીતે રોઇ રહ્યો છે? તારા દિવસો મારા દિવસો કરતાં પણ વધુ સખ્ત હશે. ઈમામ હુસયન અ૦મે અરજ કરી કે બાબા! હું શા માટે રોઉં નહીં? તમારી મુસીબતોએ મને રોતા શીખવ્યું છે. જયારે નાના ગુજરી ગયા તો માંનો પ્યાર હતો. માં જયારે ગુજરી ગયા તો તમારા થકી દિલાસો હતો. હવે તમારા પછી અમારૂં કોણ છે ? અઝાદારો! એ દિવસ પણ આવી ગયો કે જયારે રોઝે આશુરા, ઈમામે મઝલુમ, તલવારો-તીરો-નેઝા અને પથ્થરોના ઘા ખાઇને, ઝુલજનાહથી ઝમીન ઉપર તશરીફ રાખે છે, ત્યારે જનાબે ફીઝઝા આ સમાચાર હઝરતે ઝયનબને પહોંચાડયા. ચાહવાવાળી બહેન, લશકરોને હટાવતી આગળ વધી, પણ બીલકુલ નજીક પહોચી શકી નહીં. અલ્લાહ આપ સઉને કરબલાની ઝીયારત નસીબ કરે કે જયાં એક ઉંચી જગ્યા છે, જેને **તલ્લએ ઝયનબીય્યાહ** કહેવામાં આવે છે, ત્યાંથી જનાબે ઝયનબે તે હાલ જોયો કે જે ખુદા કોઇ બહેનને આવો હાલ ના દેખાડે. શું જોયું કે શીમ્ર મલઉન, ગરદનની પાછળથી, ભાઇને ઝબાહ કરી રહ્યો છે. પુકારીને કહ્યું કેઃ અય ઇબ્ને સાઅદ! તું ઉભો ઉભો જોઇ રહ્યો છે અને ફરઝંદે રસુલ શહીદ થઇ રહ્યા છે! તે મલઉને પોતાનું મોઢું ફેરવી નાખ્યું. ઈમામ હુસયન અ૦ના કાનોમાં આ અવાજ પહોચ્યો, ફકત ઇશારો કર્યો કે બહેન! ખયમાં તરફ પાછા ચાલ્યા જાઓ, હું હજીંણ જીવતો છું! બીબી ઝયનબ ખયમા સુધી પહોંચ્યા ના હતા કે આસમાનથી અવાજ આવ્યો : ***અલા કુતીલલ હુસયનુ બી કરબલા! અલા ઝુબીહલ હુસયનુ બી કરબલા !***

અલા લાઅનતુલ્લાહી અલલ કવમીઝઝાલીમીન

મજલિસ ૯ મી

સલ્લલ્લાહો અલયક યા મૌલા, યા અબા અબ્દીલ્લાહ,
સલ્લલ્લાહો અલયક યબ્ન રસુલીલ્લાહ,
વ અલલ મુસ્તશ- હે દીના મઅક,
યા લયતની કુન્તો માઅકુમ, ફ અફુઝો ફવઝન અઝીમા.
(સલવાત)

بِسْمِ اللّٰهِ الرَّحْمَنِ الرَّحِيمِ
وَاعْبُدُواْ اللّهَ وَلاَ تُشْرِكُواْ بِهِ شَيْئًا

મોહતરમ હાજરીને મજલિસ ! અશશિકર્ બીલ્લાહ યાને અલ્લાહ તઆલા સાથે શિર્ક કરવું, એકથી વધુ ખુદા માનવા, અથવા તેનો કોઇ ભાગીદાર “ **Associé** “ સમજવો, તેના માં-બાપ- અવલાદ હોવાનું ઇમાન રાખવું, તેને શિર્ક કહેવાય છે અને ઇસલામમાં તે સઉથી મોટો ગુનાહ - ગુનાહે કબીરા છે. આનેજ લગતી સુરએ નિસાઅની, છત્રીસ નંબરની, આ મુબારક આયત છે કે જેની મેં આપની સામે તિલાવત કરી અને જેમાં, ખાલિકે કાએનાત, અલ્લાહ તઆલા વ સુબ્હાનહુ ફરમાવી રહ્યો છે કે :
અને અલ્લાહની ઇબાદત કરો અને કોઇ વસ્તુને તેની સાથે શરીક ના કરો .

ખુદાને એક સમજવો, જેનું નામ તૌહીદ છે અને ઉસુલે દીન કહેતાં, દીનના મુળમાં, તે સઉ પ્રથમ છે. ઉપરાંત, સિફાતે ખુદામાં તૌહીદનો અથર્ એ છે કે ખુદાની ઝાતી-સિફાત, ખુદાની **“caractères, attributs”** જેમકે હયાત, ઇલ્મ, કુદરત, તાકત, ઇરાદો, અને તેના જેવી બીજી અનેક સિફતો ખુદાએ વાહીદની સાથે સમજવી, તેનાથી જુદી ના સમજવી.

ઘણી વખત, કેટલાંક મુસલમાનો એવી વાત કરતા હોય છે કે જે મુશરીક જેવી લાગે છે, જેમકેઃ મારૂં ઇલ્મ, મારી તાકત, મારો ઇરાદો, મારી દૌલત, મારી સમજદારી, મારી હોશીયારી, વગેરે, વગેરે. આની બદલે, અગર એમ કહેતે કેઃ
મારૂં ઇલ્મ જે અલ્લાહે મને આપ્યું છે, મારી શકિત કે જે મને ખુદાએ બક્ષી છે, મારી દૌલત કે જે અલ્લાહનો ફઝલ અને તેની અમાનત છે, તો બરાબર અને વાજબી ગણાત. શિર્ક કરનારને મુશરિક કહેવામાં આવે છે.

એક માણસ હ૦ રસુલે ખુદા સ૦ની બારગાહમાં પહોંચ્યો અને દરવાજો ખખડાવ્યો. ઘરમાંથી હ૦ નબીએ કરીમ સ૦ મે પુછયું કે : આપ કોણ છો ?

તેણે કહ્યું કે : **હું છું** . તેથી, હઝરતે **હું** બોલ સાંભળીને નારાજ થઇ ગયા. આપ ઘરની બહાર તશરીફ લાવ્યા અને પુછયું કે : **હું** કહેનાર કોણ હતું ? જાણવું જોઇએ કે **હું** શબ્દ , ખુદાવંદે આલમ સિવાય કોઇને વાપરવાનો હક નથી. અલ્લાહ તઆલા પોતે પોતાને કહે છે કે : હું જબ્બાર છું, હું કહહાર છું , હું રાઝીક-રોજી આપનાર છું , હું કાદીર-તાકત રાખનાર છું ...... (સલવાત.)

જેમકે આ પ્રમાણે કોઇ કહે કેઃ આવું શા માટે થયું ? આમ થવું જોઇતું હતું ! વરસાદ કેમ પડતો નથી? હવા કેમ આટલી બધી ગરમ થઇ ગઇ? અલ્લાહે મને માલ અથવા અવલાદ કેમ આપ્યા નહીં ? ફલાણો માણસ ભર જુવાનીમાં કેમ મરી ગયો અને ફલાણો બુઢઢો હજી કેમ જીવતો છે? અલ્લાહે કેમ અમુક ચીજને હરામ અને અમુક ચીજને વાજીબ કરી છે ? આવી વાતો કરનાર, હકીકતમાં અલ્લાહની વહદાનીય્યત અને રબુબીય્યતમાં પોતાને શરીક-ભાગીદાર ગણે છે.

શહીદે મેહરાબ, મર્હુમ આયતુલ્લાહ દસ્તગયબે શીરાઝી, પોતાની કિતાબ ગુનાહાને કબીરા, ભાગ પહેલામાં, અલ્લામા મજલીસીએ લખેલી હદીસની નોટ કરતાં ફરમાવે છે કેઃ *અલ્લાહ જે કાંઇ કરે છે, તેના વિશે નારાજગી બતાવવી અને અઇમ્મએ તાહેરીન અલયહેમુસ્સલામ તરફથી, જે હુકમો આપવામાં આવ્યા છે, તેનો સ્વીકાર કરવો નહીં, તે પણ શિર્ક છે.*

આપણા પહેલા ઇમામ, હ૦ અલી અ૦ નો ઇરશાદે ગીરામી છે : *તમારામાંથી કોઇએ પોતાના પરવરદિગાર સિવાય, બીજા કોઇની આશા રાખવી જોઇએ નહીં!*

જો કોઇ પોતાના કામોમાં, પોતાના પાલનહાર સિવાય, બીજા કોઇ પાસેથી આશા રાખે તો ખુદાવંદે કરીમ તેની આશાને નીરાશામાં ફેરવી નાંખે છે, ઉમેદને તોડી નાંખે છે, જેથી કરીને, તે પોતાના માલિકે હકીકી, પોતાના પયદા કરનારની તરફ પાછો ફરે.

આપણા છઠ્ઠા ઇમામ, હ૦ જાઅફરે સાદિક અ૦, શિર્ક વિશે સમજાવતાં ફરમાવે છે કે, શિર્કના પ્રકારોમાં, આ પણ એક જાત છે :
જો કોઇ શખ્શ એમ કહે કે : અગર ફલાણો માણસ ના હોત તો હું મુસીબતમાં પડી જાત! જો ફલાણો માણસ ના હોત તો ફલાણી વસ્તુ મને મળી શકત! જો ફલાણો માણસ ના હોત તો મારા બાલ-બચ્ચા રખડી પડત!

આ જાતના બોલની અંદર એ વાતની સાબીતી છે કે આવું બોલનારનો અકીદો-તેનું ઇમાન, શિર્ક કહેતાં, ઇસલામની વિરૂધ, ઉસુલે દીનની બીલકુલ વિરૂધ છે.

હ૦ સાદિકે આલે મોહમ્મદની હદીસ છે કે : કોઇ પણ માણસનું ઇમાન તે વખત સુધી ખાલિસ-ચોખું અને સાફ થઇ શકતું નથી જયાં સુધી કે તે અલ્લાહ તઆલાની સાથે, પોતાના નફસ કરતાં, પોતાની જાત કરતાં, પોતાના સગાવહાલાઓ, માં-બાપ, અવલાદ, ઘરવાળી, માલ અને તમામ લોકો કરતાં, વધુ મોહબ્બત ના કરતો હોય !

એક શખ્શ હઝરત અલી, અમીરૂલ મોઅમેનીન અ૦ને સવાલ કર્યો કેઃ અય મારા મૌલા! આપે અલ્લાહ તઆલાને કેવી રીતે ઓળખ્યો છે ?

નહજુલ બલાગાહમાં, ઇમામુલ કલામનો કલામુલ ઇમામ છે : આપ હઝરત ફરમાવે છેઃ *મેં અલ્લાહને, મારા ઇરાદાઓના રદ (બરબાદ) થઇ જવાથી, (મારી આશાઓને ટુટી જવાથી) અને મારી હીંમ્મતોના હારી જવાથી ઓળખ્યો છે.*

ઇન્સાન કેટલાક કામ કરવાનો ઇરાદો કરે છે, પરંતુ અચાનક, તેમાં ફેરફાર થઇ જાય છે; ઘણી ચીજની આશા રાખે છે, છતાં તેમાં ફાવતો નથી. ખરેખર, અલ્લાહને તમામે તમામ ચીજ ઉપર કાબુ ધરાવનાર-તાકત રાખનાર સમજવો અને તેની ઉપર પુરે પુરો ભરોસો રાખવો, એજ તૌહીદમાં માનનાર-અલ્લાહને એક અને **કુલ્લો શયઇન કદીર** સમજનારની સઉથી ઉંચી જગ્યા છે.

અઝીઝાને મોહતરમ! શિર્ક અને મુશરીક વિશે ઝીક્ર કરતાં, મને અય્યાં એક વાત યાદ આવી ગઇ કે જેની તરફ આપનું ધ્યાન ખેંચવા ચાહું છું. પરંતુ, અલ્લાહના પયગમ્બરની હદીસ બયાન કરૂં, તે અગાઉ આપ હ૦ મોહમ્મદો આલે મોહમ્મદ સ૦ ઉપર એક દુરૂદ પડશો. (સલવાત).

અલ્લાહના રસુલ ફરમાવે છે કેઃ અય લોકો! તમારા વિશે, જે વસ્તુથી હું વધારે ડરૂં છું તે **શિર્કે અસગર** છે. આ સાંભળી, કોઇએ અરજ કરી કેઃ યા નબીય્યલ્લાહ! શિર્કે અસગર એટલે નાના શિર્ક નો અર્થ શું છે?

હઝરતે ફરમાવ્યું કેઃ તે **રિયા** છે, યાને કે જે માણસ ફકત લોકોને દેખાડવા ખાતર, ઇબાદત અને નેક કામ કરતો હોય, તેને રિયાકારી કહેવાય છે. કયામતના દિવસે, જયારે ખુદાવંદે કરીમ તેના બંદાઓને સારા કામની જઝા આપશે ત્યારે રિયાકારોને કહેશેઃ

તમે જે લોકોને ખુશ કરવા માટે દુનિયામાં સારા કામ કરતા હતા તેમની પાસેથી તમારા નેક કામનો બદલો લેવા જાઓ. શું તેઓ પાસેથી આજે કોઇ બદલો મળી શકે તેમ છે, જયારે કે તેઓ પોતે માહતાજ છે? હરગીઝ નહીં.

મોઅમેનીન! એજ કારણ છે કે આપણા તમામે તમામ અઇમ્માહ અલયહે મુસ્સલામ અને ખાસ કરી, આપણા ચોથા ઇમામ અ૦ કે જેમનું નામ ઝયનુલ આબેદીન અથવા સય્યદુસ્સાજેદીન પડી ગયું હતું.

તેમને કોઇ નેઅમત મળે, કોઇ નેકી નસીબ થાય તે વખતે, બે માણસોની વચ્ચે સુલેહ કરાવી લીધા બાદ, કુરઆનની તિલાવત કરતી વેળા, દરેક સમયે અને દરેક સંજોગમાં, ખુશી હોય કે ગમ હોય, પોતાના પરવરદિગારનો સજદો કરતા, અને ઘણી વખત, એવો લાંબો સજદો કરતા કે આપના કપડા પસીનાથી બીકુલ ભીના થઇ જતા હતા.

સજદાની વાત કરતાં મને એક ઝાકીરની મજલિસ યાદ આવી ગઇ, જેમાં બયાન કરે છે કે આશુરાના દિવસે, જયારે ઇ૦ હુસયન અ૦ના ખાનદાનમાં સર્વે મર્દો શહીદ થઇ ચુકયા હતા, જ૦ ફાતીમા ઝહેરાનું ભર્યું ઘર બરબાદ થઇ ગયું હતું, તે વખતે, અમુક એવા માણસો નજરે પડે છે કે જે સજદાની અંદર જુકેલા હતા, જેમાંના ફકત ત્રણ ઇન્સાનોનો ઝીકર હું આપની સામે કરવા ચાહું છું

અઝાદારાને ઇમામે મઝલુમે કરબલા ! જયારે ઝાલીમોએ ખયમાઓમાં તમામ માલ લુટી લઇ, આગ લગાવી દીધી, જ૦ ફાતીમાની વહુ અને દીકરીઓની ચાદરો છીનવી લીધી, ઇ૦ હુસયન અ૦ ની લાશ મુબારક પર ઘોડાઓ દોડાવવામાં આવ્યા, નાના નાના બચ્ચાઓ તરસના કારણે શહીદ થઇ ગયા, અરે! એવી એવી મુસીબતો ની અંદર ઘેરાએલાં હોવા છતાં કે જેનો ઝીકર કરવો મુશકીલ છે, હ૦ સય્યદે સજજાદ નમાઝે ઈશા પછી એવી રીતે સજદામાં જુકી ગયા કે ખબર નથી કયારે પાછું માથું ઉઠાવ્યું, અરજ કરી રહ્યા હતા કે : ઇલાહી વ સય્યદી! મૌલાયા વ રબ્બી! તારો શુક્ર છે કે તેં મને આ અઝીમ ઇમતેહાન વાસ્તે પસંદ કરી લીધો! હવે તુંજ મારી મદદ કર કે આની અંદર હું કામીયાબ બની તારી ખુશી હાંસીલ કરી શકું !

બીજો સજદો, મર્દોની સામે હમેશાં ઓરત વધુ કમઝોર હોય છે, તેઓ બહુજ નરમ દિલ હોય છે, માંની મોહબ્બત પણ બે મીસાલ છે. અલબત્તા દરેક મરનાર જવાન હોતો નથી, અગર જવાન હોય તો ખુબસુરત હોતો નથી; અગર જવાન હોય અને ખુબસુરત પણ હોય તો સારી સીરતવાળો નથી હોતો; અગર જવાન હોય, ખુબસુરત હોય, નેક સીરત પણ હોય તો ખાત્રી રાખજો કે તે કદી હમ શબીહે પયગમ્બર (રસુલની સુરત ધરાવનાર) હોતો નથી.
એવા જવાન ફરઝંદ અલી અકબરની લાશ જયારે ખયમાની અંદર આવી ત્યારે જ૦ ઉમ્મે લયલાએ પોતાનું કપાડ સજદામાં રાખી દીધું કેઃ બારે ઇલાહા ! તેં મને જ૦ ફાતીમા ઝહેરાની સામે ઉભા રહેવાને લાયક બનાવી દીધી.

ત્રીજો સજદો તે પ્યાસા ઇમામે હુસયન અ૦નો નમાઝે અસરનો સજદો હતો. માઅસુમ ઇમામ સજદામાં માથું રાખ્યું , પણ પાછું સજદામાંથી માથું ઉઠાવ્યું નહીં. કાતિલ ઇમામનું સર નેઝા ઉપર ઉંચું કર્યું અને આસમાનથી અવાજ આવ્યો કે :
અલા કુતીલલ હુસયનુ બી કરબલા! અલા ઝુબીહલ હુસયનુ બી કરબલા !

મજલિસ ૧૦ મી

સલ્લલ્લાહો અલયક યા મૌલા, યા અબા અબ્દીલ્લાહ,
સલ્લલ્લાહો અલયક યબ્ન રસુલીલ્લાહ,
વ અલલ મુસ્તશ- હે દીના મઅક ,
યા લયતની કુન્તો માઅકુમ, ફ અફુઝો ફવઝન અઝીમા.
(સલવાત)

بِسْمِ اللّٰهِ الرَّحْمَنِ الرَّحِيمِ

رَبِّ اغْفِرْ لِي وَلِوَالِدَيَّ وَلِمَن دَخَلَ بَيْتِيَ مُؤْمِنًا وَلِلْمُؤْمِنِينَ وَالْمُؤْمِنَاتِ

મોહતરમ હાજરીને મજલિસ! હ૦ નૂહ નબીનું નામ અબ્દુલ ગફફાર, અથવા અબ્દુલ મલિક, યા અબ્દુલ અઅલા હતું . આપ હઝરત પચ્ચાસ વરસ સુધી ખુદાના ખોફમાં રોતા રહ્યા, જેથી આપનું નામ **નૂહ** એટલે નવહા કરવાવાળા પડી ગયું. તેમની ઉમર અઢી હજાર વરસ સુધી પહોંચી હતી, જેમાં નવસો પચ્ચાસ વરસ તો તેમણે કોમને હીદાયત કરવામાં પસાર કરી.

તેમની કોમવાળા તેમના ઉપર એવી રીતે પથ્થરો ફેંકતા હતા કે તેઓ ઝખમી થઇ જતા હતા અને બેહોશ થઇ, પથ્થરોના નિચે દબાઇ જતા હતા. જીબ્રઇલ ફરીશતા આવીને તેમના શરીર ઉપર પોતાની પાંખો ફેરવી, તેમનો ઇલાજ કરતા હતા. રાતના પાછા ઘરે આવતા અને સવારના પાછી તબલીગ શરૂ કરી દેતા, કદી નિરાશ થતાં નહીં, હમેશાં હીમ્મતથી કામ લેતાં.

તોફાને નૂહ અને કિશતીએ નૂહ પણ બહુજ મશહુર છે. આ નાવની અંદર, જનાબે નૂહ અને તેમની બીબી હતા, તેમની સાથે તેમના ત્રણ દીકરાઃ હામ, સામ અને યાફેસ હતા, તેમની ત્રણ બીબીઓ સાથમાં હતી, ઉપરાંત બીજા બોંતેર મોઅમીનો હતા, જે કુલ મળી એંસી માણસોનો કાફલો હતો. જ૦ નૂહ નબી સાથે, આ કિશતીમાં જાનવરોના એક એક જોડા પણ સવાર થયા હતા. જયાં અત્યારે મસ્જીદે કુફા છે, ત્યાં આ કિશતી બની હતી, ત્યાંથીજ તુફાનની શરૂઆત થઇ અને જુદી નામના, દુનિયાના સઉથી નાનામાં નાના પહાડ ઉપર, આ વહાણ, તુફાન બાદ ઉભું રહ્યું હતું.

હ૦ નૂહ પયગમ્બરને **આદમે સાની** કહેવામાં આવે છે, તે બીજા હ૦ આદમ છે, જેનાથી પાછી દુનિયા શરૂ થઇ. તેમને **શયખુલ અંબીયાઅ** પણ કહેવામાં આવે છે, કારણકે તેઓ બધા પયગમ્બરોના સરદાર છે, કે જે તેમના પછી આવ્યા હતા.

મારા મોહતરમ સાંભળનારાઓ! મજલિસની શરૂઆતમાં જે આયતે મુબારકની મેં તિલાવત કરી, તેનો તરજુમો કરતાં હું ભુલી ગયો નથી અને હવે હું તેમનાજ ઉપર આવું છું. તે અલ્લાહના કલામ, સૂરએ નૂહની આયત નંબર અઠાવીસની અંદર સમાએલા છે, જે હકીકતમાં હ૦ નૂહ, ઉલુલ અઝમ નબીની દુઆ છે કે જે આપ બધા મોઅમીનો માટે કરી હતી : *પરવરદિગારા ! મને અને મારા માં-બાપને અને જે મોઅમીન મારા ઘરમાં આવે તેને, તથા તમામ ઈમાનદાર મર્દ અને ઓરતને તું બક્ષી આપ !* આ દુઆ તે છે કે જેને નમાઝના કુનુતમાં પડવામાં આવે છે, ખાસ કરીને નમાઝે હદીયએ વાલેદયન કે જે મર્હુમ માં-બાપની પાછળ બે રકાત નમાઝ અદા કરવામાં આવે છે, તેની બીજી રકાતના કુનુતમાં દસ વખત પડવા ભલામણ કરવામાં આવી છે.

મારા અઝીઝો! એક તરફ શયખુલ અંબીયાઅ, હ૦ નૂહ નબીયુલ્લાહ છે કે જે મોઅમીનો માટે દુઆ કરી રહ્યા છે અને બીજી તરફ સય્યદુલ મુરસલીન, હ૦ મોહમ્મદ પયગમ્બર સ૦ છે કે જે મોઅમીનોની અઝમત બયાન કરી રહ્યા છે. એક દિવસ, હ૦ નબીએ કરીમ સ૦, ખાનએ કાઅબા તરફ ઇશારો કરીને ફરમાવ્યું : અય લોકો ! આ અલ્લાહના ઘરની કેટલી મહાનતા-ઉંચાઇ અને ફઝીલત છે ! અય ખુદાના ઘર! તું કેટલો અઝીમ-મહાન છે! અને માલિકની નજરમાં તારી હુરમત કેટલી ઉચ્ચ છે! પરંતુ, ખુદાની કસમ! મોઅમીનની હુરમત તારા કરતાં પણ વધારે અઝમત ધરાવે છે, કારણ કે ખુદાએ તારી હુરમત એક રીતે કરી છે, જયારે કે મોઅમીનની હુરમત ત્રણ રીતે છે. એટલે કે મોઅમીનના માલની ઇઝઝત છે, મોઅમીનના લોહીની અઝમત છે અને મોઅમીન વિશે બદગુમાની કરવાની મનાઇ કરીને તેની હુરમત રાખી છે.

મોઅમીનની ફઝીલત તો, મારા અઝીઝો, પયગમ્બરે બયાન કરી, પણ મોઅમીન પોતે કેવો હોવો જોઇએ? આ સવાલનો જવાબ, આપણને તેજ નબીના પાંચમા વસી, આપણા પાંચમા ઇમામ, હ૦ મોહમ્મદ બાકીર અ૦ આપશે. હઝરત ફરમાવે છે : મોઅમીન તો માત્ર તે હોય છે કે જયારે તે માણસ કોઇથી ખુશી થઇ, રાજી થાય છે, ત્યારે તેનો તે રાજીપો તેને ગુનાહ કરવા કે ખોટા અથવા ખરાબ કામ કરવા ઉશકેરતો નથી, અલ્લાહની નાફરમાની કરવા ખેંચતો નથી; અને જયારે તેજ માણસ કોઇથી નારાજ થાય છે ત્યારે તેની તે નારાજગી તેને હક વાત કહેવાથી, સાચી વાત બયાન કરવાથી રોકતી નથી.

મોઅમીન તે હોય છે, ઈમામ અ૦ આગળ જતાં વધુમાં કહે છે કેઃ જયારે તેને કોઈ સત્તા **“ POUVOIR “** મળે છે ત્યારે તે સત્તા, તે તાકત, તે લાગવગ, તેને ઝુલ્મ કરવા, અન્યાય, બે ઈન્સાફી કરવા, યાને હકદારનો હક તેને આપવો નહીં , ઝાલીમની મદદ કરવી અને મઝલુમનો હક દબાવી દેવો, એવા ખરાબમાં ખરાબ કામ કરવા લઈ જતી નથી.

હદીસમાં છે કેઃ મોઅમીન તે છે કે જેને માણસો પોતાના લોહી, પોતાના જીવ, પોતાની જાન માટે અને પોતાના માલ માટે હીફાઝત કરનાર , બચાવ કરનાર, **“PROTECTEUR”** સમજે; યાને કે એવો ના હોવો જોઈએ કે તે બીજાની જાન અને લોહીનો પ્યાસો હોય !

એજ આપણા પાંચમા ઈમામ અ૦નો, એક બીજી જગ્યાએ, ઈરશાદ થઈ રહ્યો છેઃ મોઅમીન પહાડથી પણ વધુ મજબુત હોય છે; ડુંગરને તો કાપી શકાય છે, તોડી શકાય છે, પરંતુ મોઅમીનના દીનને-તેના ઈમાનને કદી કાપી શકાતો નથી, કોઈ સંજોગમાં તેને તોડી શકાતો નથી.

એજ ઈમામના ફરઝંદ અને આપણા છઠ્ઠા ઈમામ, હ૦ જાઅફરે સાદિક અ૦નો કોલ છે કેઃ મોઅમીન લોઢાના ટુકડા કરતાં પણ વધારે મજબુત છે, કેમકે જયારે લોઢાના કટકાને આગમાં નાખવામાં આવે ત્યારે તેનો રંગ બદલાઈ જાય છે. પરંતુ , મોઅમીનને અગર કત્લ કરી નાખવામાં આવે અને ફરીથી જીવતો કરવામાં આવે, અને ફરીથી કત્લ કરી નાખવામાં આવે તો પણ તેના દિલમાં, ઈમાનને લગતી વાતોમાં, કોઈ પણ જાતનો ફેરફાર થશે નહીં.

એક દિવસ,હ૦ રીસાલતમઆબ સ૦મે, તેમના અસહાબોને પુછયું કેઃ તમારા લોકોની નજરમાં, ઈમાનના બારામાં, કઈ મખલુક સૌથી વધારે અજબ પમાડનાર છે ?

સહાબીઓએ જવાબ આપ્યો કેઃ તે ફરીશતાઓ છે.

આપે બીજો સવાલ કર્યો કેઃ તેમનામાં શું કમાલ છે?તેઓ તો પોતાના રબની પાસેજ હોય છે. અસહાબોએ કહ્યું કેઃ તો પછી નબીઓ છે કે જે સઉથી વધુ અજબ કરનાર છે.

હઝરતે ફરમાવ્યું કેઃ તેમના ઉપર તો વહી નાઝીલ થતી રહે છે. અગર નબી ઈમાન લાવે નહીં, એવું બને કેમ ? (નબી તો પુરા ઈમાનના માલિક હોય છે!)

હાજરીન લોકોએ જવાબમાં કહ્યું કે, તો પછી, યા રસુલીલ્લાહ, તે તો અમેજ છીએ.

અલ્લાહના નબીએ ફરમાવ્યું કેઃ હું તો તમારી વચ્ચે મવજુદ છું, અને તમે ઈમાન લાવો નહીં, એવું કેમ બને?(તમારૂં ઈમાન ગયબ ઉપર નથી કારણકે અલ્લાહના રસુલ તમારી સામે છે).

આખીરમાં, હ૦ નબીએ કરીમ સ૦મે ફરમાવ્યું કેઃ યાદ રાખો! ઈમાન લાવવાની નજરે, તમામ પયદા થયેલી વસ્તુઓ-મખલુકાતમાં, અજબ પમાડનાર એ લોકો છે કે જેઓ તમારા પછી આવશે. તેઓ ફકત કિતાબો વાંચીને મારા ઉપર ઈમાન લાવશે.(તેમનું ઈમાન ગયબ ઉપર હશે).

અઝાદારાને મઝલુમે કરબલા! જેમ આ હદીસ આવનારા ઝમાના માટે પયગમ્બરની ઝબાન મુબારકથી બયાન થઇ હતી, એજ પ્રમાણે, એક બીજી હદીસ તમારી સામે પેશ કરૂં છું કે જે પણ, આપણા માટે, યાને કયામત સુધી પયદા થનાર શીઆહઓ વાસ્તે, અલ્લાહના પ્યારા હબીબે અરજ કરી હતી, કે જે આપ લોકો અવાર-નવાર મજલિસોમાં સાંભળો છો.

એક દિવસનો વાકેઓ છે કે હ૦ રસુલે ખુદા સ૦ મે આપની પારએ જીગર, જ૦ ફાતેમાહ સલામુલ્લાહે અલયહાને ફરમાવ્યું કે હમણા, હમણા, જીબ્રઈલ ફરીશતાએ મને ખબર આપી ગયા છે કે તમારા ફરઝંદ હુસયનને ત્રણ દિવસના ભૂખ્યા- પ્યાસા ઝમીને કરબલા ઉપર શહીદ કરવામાં આવશે. આ સાંભળી, જ૦ સય્યદા બેચયન થઇ ગયા અને ફરમાવ્યું કે : બાબા! આ વાકેઓ કયારે બનશે? શું તે ઝમાનામાં આપ હશો? શું તે વખતે હું ઝીંદા હોઈશ? શું અબુલ હસન દુનિયામાં હશે? શું મારો દીકરો હસન તે વખત સુધી હયાત હશે?

હ૦ પયગમ્બરે ઇસલામ સ૦મે, આ સાંભળી, એક આહ ખેંચી અને અરજ કરી કેઃ બેટી ફાતેમાહ! અફસોસ! તે વખતે, દુનિયામાં, ના હું હોઇશ, ના તું હશે; ના અલી હશે, ના હસન હશે. આ બનાવ જયારે સામે આવશે ત્યારે તારો ફરઝંદ દુનિયામાં એકલોજ હશે. આ કલામ સાંભળી, જ૦ માઅસુમએ કવનયન ચીખ મારીને એકદમ રડવા લાગ્યા,બેહોશ જેવા થઇ ગયા.થોડીવાર બાદ,પુછયુંકે : બાબા! જયારે આપણામાંથી કોઇ નહીં હોય ત્યારે મારા હુસયનની કેવી હાલત થશે ? કોણ તેના ઉપર રડશે ?

હ૦ રસુલે અકરમ સ૦ મે ફરમાવ્યું કેઃ બેટી! તે વિશે તું બીલકુલ સદમો કરજે નહીં! ખુદાવંદે આલમ એક એવી કોમ પયદા કરશે કે જેના મર્દો તેના મર્દો ઉપર રોશે, જેના જવાનો તેના જવાનો ઉપર ગમ બરપા કરશે, જેની ઓરતો તેની ઓરતો ઉપર રડશે અને જેના બચ્ચાઓ તેના બચ્ચાઓ ઉપર આંસુઓ વહાવશે.

અઝાદારો! અહીં, હ૦ રસુલે ખુદા ની આંખ્યો બંધ થઇ અને કરબલાની ઝુલ્મોની શરૂઆત થઇ ગઇ, ઝાલીમોની તાકત વધી ગઇ, અને મોહર્રમની દસમી તારીખે, જયારે જ૦ ફાતેમાહના ફરઝંદ શહીદ થઇ ચુકયા ત્યારે એહલેબયતના ખયમાઓમાં ઝાલીમોએ આગ લગાવી દીધી, બીબીઓની ચાદરો છીનવી લીધી, અરે, નેઝાઓની અણીઓથી મારવાનું શરૂ કરી દીધું .

અલા લાઅનતુલ્લાહી અલલ કવમીઝ ઝાલીમીન